સુવિચાર
સફળતા કે નિષ્ફળતા પોતાના વિચારોને જ આભારી છે. સ્થાન (જગ્યા) બનાવીએ તેમ બને. સ્થાન સાચવીએ તેમ સચવાય.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૭/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૯૪


### ભાજપનાં પૂર્વ પ્રમુખ અને વ્યવસાયે તબીબ ડો. કાનાબારે પોતાના વ્યવસાયની વ્યથા વર્ણવી

# કેટલાક ડોકટરને કમિશન લેતા જોઉં છું અને મને શરમ આવે છે

**ટૂંકો પગાર મેળવતો હોટેલનો વેઈટર ટીપની અપેક્ષા રાખે કે ટૂંકી આવક ધરાવતો પટ્ટાવાળો વ્યકિત આશા રાખે તે તો સમજી શકાય**

**સુખ, સાહ્યબી ભોગવતા કેટલાક ડોકટર દર્દીનાં લેબોરેટરી, દવામાં કમિશન મેળવે તો મને શરમ આવે છે**

**ભાજપનાં અગ્રણીએ સોશ્યલ મીડિયા દ્વારા વાયરલ કરેલ ટ્વીટ હૃદયસ્પર્શી બની ગઈ છે**

**દર્દીને પણ નારાયણ સમજવામાં આવતા હોય ત્યારે કેટલાંક તબીબો તેને પણ લૂંટવામાં બાકી રાખતા નથી**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લા સહિત અન્ય વિસ્તારનાં કેટલાક તબીબો નાણાની લાલચમાં દર્દીને નારાયણ હોવા છતાં પણ તેની સારવાર કરવામાં અવનવા બ્હાનાતળે કમિશન લેતા હોય તેવી વિગતો અવાર-નવાર પ્રકાશમાં આવતી હોય છે.દરમિયાનમાં તબીબી વ્યવસાય સાથે છેલ્લા ૪ થી ૫ દાયકાથી સંકળાયેલ અમરેલીનાં જાણીતા ડો. ભરત કાનાબારે આજે એક ટવીટ સોશ્યલ મીડિયામાં વાયરલ કરીને તેમનાં તબીબી વ્યવસાયમાં ચાલતી કમિશનબાજીથી પોતે શરમ અનુભવતા હોવાનું જણાવતાં તબીબી જગતમાં ચકચાર મચી છે અને કમિશન લેનાર તબીબોને મોં સંતાડવું પડે તેવી સ્થિતિમાં મુકાયા છે.

ડો. ભરત કાનાબારે કરેલ ટવીટમાં જણાવેલ છે કે, ટૂંકો પગાર મેળવતો હોટેલનો વેઈટર ટીપની અપેક્ષા રાખે કે ટૂંકી આવક ધરાવતો પટ્ટાવાળો બક્ષિસની આશા રાખે તો તેને માફ કરી શકાય પણ સુખ સાહેબી ભોગવતા કેટલાક ડોકટરોને દર્દીનાં લેબોરેટરી ચાર્જમાં કમિશન રાખતા કે દર્દીઓને કમિશનવાળી દવાઓ લખી આપતા કે દર્દીને બીજા ડોકટરને રીફર કરવામાં કમિશન લેતા જોઉ છું ત્યારે આ વ્યવસાયનાં એક સદસ્ય તરીકે મને મારી જાત પર શરમ આવે છે.


Tweet
Dr. Bharat Kanabar
@KANABARDr
ટૂંકો પગાર મેળવતો હોટેલનો વેઈટર ટીપની અપેક્ષા રાખે કે ટૂંકી આવક ધરાવતો પટાવાળો બક્ષિશની આશા રાખે તો તેને માફ કરી શકાય પણ સુખ સાહેબી ભોગવતા કેટલાક ડોક્ટરોને દર્દીના લેબોરેટરી ચાર્જમાં કમિશન રાખતા કે દર્દીઓને કમિશન વાળી દવાઓ લખી આપતા કે દર્દીને બીજા ડોક્ટરોને રીફર કરવામાં કમિશન લેતા જોઉં છું ત્યારે આ વ્યવસાયના એક સદસ્ય તરીકે મને મારી જાત પર શરમ આવે છે !
@narendramodi @mansukhmandviya
@MoHFW_INDIA @IMAIndiaOrg
@irushikeshpatel

### આરોગ્ય તંત્રનાં આંખનાં ફેલાતા રોગ સામે સાવચેત હોવાનાં દાવા પોકળ

# હે રામ : જાફરાબાદનાં સરકારી દવાખાનામાં ઘણા સમયથી આંખનાં ટીપાની અછત હોય દર્દીઓ પરેશાન

**ગરીબ દર્દીનારાયણ બજારમાંથી ટીપા ખરીદવા મજબુર બન્યા**



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદમાં આંખનો રોગ કન્જેકિટવાઈટિસ બીમારી વકરી છે.નાના ભુલકાઓથી લઈને યુવાનો તથા વૃધ્ધોમાં આંખના રોગથી પીડાય રહ્યા છે. જાફરાબાદની સરકારી હોસ્પિટલમાં આઈડ્રોપની અછત લાલ આંખ રડાવી રહી છે. કન્જેકિટવાઈટિસ આઈડ્રોપખૂટ્યા કન્જેક્ટિવાઈટિસની સારવાર માટે પહોંચતા દર્દીઓ સામે


અનુસંધાન પાના ૬ ઉપર


### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# લીલીયાનાં ગોઢાવદર ગામે લૂંટ ચલાવનાર બે પરપ્રાંતિયોની મુદ્દામાલ સાથે અટકાયત

**પૂંજાપાદર ચોકડી નજીકથી દબોચી લેવાયા**




અમરેલી, તા. ૨૯

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે લુંટ કરનાર બે પરપ્રાંતીય ઈસમોને મુદ્દામાલ સાથે પકડી પાડી, લુંટનો ગુન્હો અમરેલી એલ.સી.બી. એ ઉકેલી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગત તા. ૭/૨/૨૩ ના રાત્રિના આશરે બારેક વાગ્યે અશોકભાઈ મધુભાઈ ગજેરા, રહે. ગોઢાવદર, તા. લીલીયાવાળા પોતાની ગોઢાવદર ગામે ઉંડા કેડા તરીકે ઓળખાતી સીમમાં આવેલ વાડીએ ઘઉંમાં પાણી વાળવાનું કામ કરતા હોય. તે દરમિયાન ત્રણ અજાણ્યા ઈસમો મોઢે બુકાની બાંધી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે આવી અશોકભાઈને લાકડાના ધોકા વડે આડેધડ માર મારી, ઈજા કરી, રોકડા રૂા. ૧૭૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૭૦૦૦ મળી કુલ રૂપિયા ૮,૭૦૦ની લુંટ કરી


અનુસંધાન પાના ૬ ઉપર


### આધુનિક ટેકનોલોજીનો દુરૂપયોગ

# અમરેલી : બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા વૃધ્ધ સાથે એપ્લીકેશન ડાઉનલોડ કરાવી રૂા. ૯૭ હજારની ઠગાઈ

**અજાણ્યા મોબાઈલધારક સામે વૃધ્ધે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા કિશોરચંદ્ર હિંમતલાલ વ્યાસ નામનાં ૭૫ વર્ષિય વૃધ્ધને એક અજાણ્યા ઈસમે પોતાના મોબાઈલ મારફતે વાત કરી નામી કંપનીનાં કર્મચારીની ખોટી ઓળખ આપી એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી વૃધ્ધને રીફંડ આપવાની વાત કરી વિશ્વાસમાં લઈ વૃધ્ધનાં બેન્ક ખાતામાંથી ટ્રાન્જેકશન કરાવી કુલ રૂા. ૯૭૨૬૨ની રકમ બદદાનતથી મેળવી લઈ વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

### ફરિયાદ નોંધાયાની ગણતરીનાં કલાકોમાં જ

# અમરેલી શહેરમાં છેડતી અને બળાત્કારની કોશિષ કરનાર આરોપી ઝડપાયો

**આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં આવેલ ચકકરગઢ રોડ પર રહેતી એક પરિણીતાને એક રેસ્ટોરન્ટ સંચાલક કૌશલ નારણભાઈ ભીમાણી નામનાં શખ્સ સાથે પ્રેમસંબંધ બંધાયા બાદ પ્રેમીએ પરિણીતાના ઘરમાં ઘુસી તેણી ઉપર દુષ્કર્મનો પ્રયાસ કરી અને પરિણીતાના કપડા ફાડી નાખતા આ મામલો અમરેલી તાલુકા પોલીસ મથકે પહોંચ્યો હતો અને આ શખ્સ સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ભોગ બનનાર સંબંધ નહી રાખવાનું કહેતા તેણીના ન્યુડ ફોટા બતાવી વાયરલ કરી દેવાની ધમકી આપી આરોપી તેણીના ઘરમાં ઘુસ્યો હતો અને તેના પર દુષ્કર્મનો પ્રયાસ કરી ટીશર્ટ ફાડી નાખ્યું હતું. આ દરમિયાન ઘરની બહાર કોઈ વાહન આવવાનો



અવાજ સંભળાતા આ શખ્સ નાસી છુટયો હતો. પોલીસે મહિલાની ફરિયાદ પરથી આરોપી કૌશલ નારણભાઈ ભીમાણી સામે ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.


ડૉ. વિવેક જોષી
M.B.D.P.M.
FIPS.MIAPP
ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ
મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ
તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત
વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે,
અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮




દુઃખદ અવસાન/બેસણું

સ્વ. મૃદુલાબેન મોહનલાલ પઢણી
સ્વ.તા. ૨૯-૦૭-૨૦૨૩, શનિવાર.
અમારા પૂ. માતુશ્રી મૃદુલાબેન મોહનલાલ પઢણી તા. ૨૯-૦૭-૨૦૨૩ ને શનિવાર અ.શ્રાવણ સુદ ૧૧ (અગિયારસ)ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
સદ્ગતના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના...
: સદ્ગતનું બેસણું :
તા. ૩૧-૦૭-૨૦૨૩ ને સોમવારનાં રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ચકકરગઢ રોડ, સહજ હોલ ખાતે બેસણું રાખેલ છે.
લી.
રવિભાઇ મોહનભાઇ પઢણી (તંત્રી : ગિરીરાજ ટાઇમ્સ દૈનિક)
ઋત્વિક રવિભાઇ પઢણી મો. ૯૩૨૮૬ ૦૦૬૫૪



નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૯૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મન, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
નાના બાળકોમાં બહેરાશની તપાસ (OAE, BERA) તેમજ કોકલીયર ઈમ્પ્લાન્ટ ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન મળશે.
સરકારી નોકરીયાત, પેન્શનરો અને તેના આશ્રિતોને મશીન લેવા મળતી 100% સહાયની સુવિધા ઉપલબ્ધ.

કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, જયુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮



ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

## ધારાસભ્ય બન્યાને ૯ મહિના થયા છતાં કોઈ કામગીરી નહીનો આક્ષેપ

# લાઠી–બાબરાની જનતા ધારાસભ્યની નિષ્ક્રીયતાથી પરેશાન

**પૂર્વ ધારાસભ્યએ મંજૂર કરાવેલ માર્ગનાં કામોનો જશ લેવા સિવાય નવુ કોઈ કામ મંજૂર કરાવી શકયા નથી**

**ફોરલેન માર્ગ મંજૂર થયાની ગુલબાંગો ફેંકવામાં આવે છે પરંતુ કયાંય માર્ગ જોવા મળતો નથી**

**માત્ર મીડિયામાં નિવેદનબાજી કરીને જનતાની વચ્ચે રહેવાનો દાવો જ કરવામાં આવી રહ્યો છે**

**લાઠી તાલુકાનાં કોંગી આગેવાનોએ સંયુકતપણે ધારાસભ્યની નિષ્ક્રીયતા સામે અવાજ ઉઠાવ્યો**

લાઠી, તા. ૨૯

લાઠી તાલુકામાંથી પસાર થતાં નેશનલ હાઈ–વેનો દરજજો મળી ચુકયો છે તેવા રસ્તાને ફોરલેન કરવા માટે લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં નિવેદન અંગે આશ્ચર્ય વ્યકત કરતા તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ આંબાભાઈ કાકડીયા, શહેર કોંગ્રેસ સમિતિ લાઠી–દામનગરનાં પ્રમુખે પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે, આ વિસ્તારનાં પૂર્વ ધારાસભ્ય લાઠી અને બાબરા તેમજ અમરેલી જિલ્લાનાં રસ્તા માટે ખૂબ જ ચિંતા કરી હતી તેના અમે સાક્ષી છીએ. અનેક રસ્તાઓનાં મંજૂરી સાથેના જોબ નંબર આવી ચુકયા છે. આ લીસ્ટ રજૂ કરૂ તો બહુ મોટી પ્રેસ બને તે અંગે અગાઉનાં પ્રેસ નિવેદનોમાંથી લોકો જાણી શકે છે. પરંતુ નેશનલ હાઈ–વે મળી ચુકયો છે તેવા રસ્તાની ફોરલેન કરવાની કેવા પ્રકારની વાત છે તે અમોને સમજાતું નથી. ગત ચૂંટણી પછી લાઠી–બાબરા વિસ્તાર પછતાઈ રહ્યો છે, અમરેલી જિલ્લો પછતાઈ રહ્યો છે, ગુજરાત પછતાઈ રહ્યું છે ત્યારે લાઠીનાં ધારાસભ્યને મારૂં માત્ર એ કહેવું છે કે, આપ ધારાસભ્ય બન્યાને ૯ મહિના થઈ ચુકયા છે. ૯ મહિને શું થઈ શકે તે કહેવાની જરૂર નથી. પૂર્વ ધારાસભ્યએ મંજૂર કરેલા રસ્તાનાં કામ શરૂ કરાવી શકો તો પણ અભિનંદન આપીશું. પરંતુ નીત–નવા પ્રેસ નિવેદન કરી ફોટા પાડી લોકોની વચ્ચે રહેવાની વાહિયાત પ્રથા બંધ કરી આપ શું કરો છો તેનું લાઠી–બાબરા અને અમરેલીની જનતાને ભાન થઈ ચુકયું છે. લાઠી–બાબરા વિસ્તારની શું દશા છે તે બાબતે આપ વિચારો તો પણ લાઠી–બાબરાની જનતાની પડી ગયેલા મત અંગે થોડો સંતોષ થશે તેમ કાકડીયાએ જણાવ્યું હતું.

---

## પાલિકાનાં શાસકો આળશ ખંખેરે

# સાવરકુંડલાના વોર્ડનં–૬નાં તમામ વિસ્તારોમાં ગંદકીનો માહોલ છવાયો

**દવા છંટકાવ, ફોગિંગ જેવી કામગીરી જરૂરી**



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં લાંબા સમયથી ધાબડિયું હવામાન અને વરસાદના કારણે વિસ્તારોમાં પાણીના ખાડાઓ ભરેલા છે ત્યારે સામાન્ય રીતે ચોમાસામાં જ ચોખ્ખા પાણીમાં થતા ડેન્ગ્યુના મચ્છરોનું બ્રીડિંગ પણ થઈ રહયું છે ત્યારે મચ્છરથી રોગચાળો વકરે તે પહેલા વોર્ડ નંબર ૬ ના વિસ્તારો (૧) વિધુતનગર સોસાયટી, (૨) વિધુતનગર સામેની વસાહત, (૩) દેવીપૂજક વિસ્તાર,(૪) શિવમપાર્ક સોસાયટી, (૫) ગાયત્રી સોસાયટી,(૬) આનંદપાર્ક સોસાયટી, (૭) ગાયત્રીની બાજુનો વિસ્તાર,(૮) વેલનાથપરા,(૯) એશીયાડ સોસાયટી,(૧૦) અંબિકા સોસાયટી, (૧૧) યોગેર સોસાયટી, (૧૨) ઈન્દિરા વસાહત,(૧૩) ફેન્ડ સોસાયટી,(૧૪)ભાવના સોસાયટી, (૧૫) ગુજ.હા.સોસાયટી,(૧૬) કોલેજ રોડ,(૧૭) કર્મચારીસોસાયટી, (૧૮) ગાંધી સોસાયટી, (૧૯) બીડી કામદાર સોસાયટી વિગેરે પછાત વિસ્તારો અને સોસાયટીઓમાં દવાનો છંટકાવ તેમજ ફોગીંગ ઝુંબેશ ચાલુ કરવી પડે તેમ છે.

વધુમા નગરપાલિકા કોર્પોરેટર ધર્મેન્દ્ર મહેતા અને લાલાભાઈ ગોહિલે જણાવ્યું છે કે અનેક સ્થળોએ રસ્તાઓ અને સોસાયટીઓમાં પાણીના ખાડાઓ ભરેલા છે જો વહેલી તકે વોર્ડ નંબર ૬ ના વિસ્તારોમાં સાફ સફાઈ અને દવાનો છંટકાવ નહી કરવામાં આવે તો ઉપરોકત વિસ્તારો મચ્છરજન્ય રોગચાળાનો ભોગ બનશે. મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા માટે વિસ્તારોમાં ફોગીંગ ઝુંબેશ ચાલુ કરવી જરૂરી છે તેમજ વોર્ડ નંબર ૬ના વિસ્તારના લોકોની સુખાકારી જળવાઈ રહે તે માટે રોગચાળો ન ફેલાય તેની તકેદારી રાખવી જરૂરી હોવાથી નગરપાલિકા દ્વારા તપાસ કરી સેનીટેશન વિભાગને સુચના આપવા તથા શરદી, ઉધરસ, તાવનો રોગચાળો બેકાબુ બને તે પહેલાં વિસ્તારમાં ફોગીંગની ઝુંબેશ અને દવાનો છંટકાવ અને ઘેરે ઘેરે પાણીમાં નાખવાની કલોરિન ટીકડીનું વિતરણ કરવા વિસ્તારના પ્રતિનિધિ તરીકે ધમેન્દ્ર મહેતા અને લાલાભાઈ ગોહિલે નગરપાલિકા ચિફ ઓફીસરને લેખીતમાં માંગણી કરેલ છે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

---

# અમરેલી ગિરીરાજ ટાઈમ્સ દૈનિકનાં તંત્રી રવિભાઈ પટ્ટણીનાં માતૃશ્રીનું દુઃખદ અવસાન



અમરેલી, તા.૨૯

ગિરીરાજ ટાઈમ્સ દૈનિકનાં તંત્રી રવિભાઈ પટ્ટણીના માતૃશ્રી મૃદૂલાબેન મોહનભાઈ પટ્ટણી (ઉ.વ. ૭૯)નું ગત તા. ૨૯/૭/૨૦૨૩ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદગતના અવસાનની જાણ થતા વિશાળ સંખ્યામાં આગેવાનો, વેપારીઓ, તેમજ મિત્ર વર્તુળ અને અમરેલી સોની સમાજના મોભીઓ સ્મશાનયાત્રામાં જોડાયા હતા. સદ્ગતના અવસાનથી પરજીયા પટ્ટણી સોની સમાજમાં દુઃખની લાગણી ઉભી થવા પામી છે. સદગતનું બેસણું તા. ૩૧/૭/૨૩ ને સોમવારના રોજ સાંજનાં ૪ થી ૬ ચક્કરગઢ રોડ ફાટક પાસે આવેલ સહજહોલ ખાતે રાખેલ છે.

---

# અમરેલીની સનરાઈઝ શાળામાં વીર હનુમાનજી મહારાજનાં ચાલીસા યોજાયા



અમરેલી, તા. ૨૯

તા. ૨૯/૭/૨૦૨૩ શનિવારનાં રોજ બાળકો દ્વારા એકાદશીનાં દિસે અજર અમર ‘વિર હનુમાનજી મહારાજ’નાં હનુમાન ચાલીસા પાઠનું પઠન કરી જીવનમાં ધાર્મિક ઉર્જાનું સિંચન કર્યું. દર શનિવારનાં રોજ નિત્ય ‘હનુમાન ચાલીસા પાઠ’ શાળામાં બાળકો કરે છે. પરંતુ આજે એકાદશી જેવા પવિત્ર દિવસે વિશેષ સંકલ્પ સાથે પાઠ કરી જીવન ઘડતરનાં નવા મૂલ્યો પ્રાપ્ત કર્યા.

---

## સુન્ની મુસ્લિમ જમાત દ્વારા

# સાવરકુંડલાના વીજપડી ખાતે મોહર્રમ શહાદતનાં પર્વની ઉજવણી

**મીલાદ કમીટી દ્વારા સહયોગ થયો**



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના વીજપડી ગામે સુન્ની મુસ્લિમ જમાત અને હૂસૈની મીલાદ કમીટી દ્વારા મોહર્રમ શહાદતના પર્વની ઉજવણી શહીદે કરબલાની યાદમાં દરરોજ રાત્રે ચાલતી હુસૈની મુઝલિસો, તકરીર, સબિલ શહીદોની યાદમાં ન્યાઝ છેલ્લા દસ દિવસ રાખ્યા બાદ આજે ૨૮/૭/૨૩ ને શુક્રવારના બપોર બાદ ૫ વાગ્યે તાજીયા પડમાં આવ્યા હતા. અને શનીવારે તાજીયા તેમનાં રૂટ મુજબ યા હુસૈનનાં નારા માતમ કરી નિયમ પ્રમાણે ઠંડા કરવામાં આવેલ વીજપડી ઓલ મુસ્લિમ સમાજની મહેનત અને વીજપડી હિન્દુ–મુસ્લિમ સમાજની કોમી એકતા ભાઈચારા એખલાસથી અને પોલીસ પ્રશાસનની ખુજબ સરસ રીતે પોતાની ફર્જ અદા કરી સારો બંદોબત્સ જાળવ્યો પોલીસ એન પબ્લીકે એક બીજાને સહકાર આપી અને મોહર્મ શહાદત પર્વની ઉજવણી મનાવવામાં આવી હતી તેમ સમીર ખોખરે જણાવેલ.

---

## તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

# અમરેલી જિલ્લામાં યુરિયા ખાતરની તંગીથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા

**ભાજપનાં રાજમાં જગતાતને અનેક પરેશાની**



અમરેલી, તા. ૨૯

ગુજરાતમાં જયારથી ભાજપની સરકાર આવી છે. ત્યારથી ખેડૂતોની દશા માઠી બેસી ગઈ છે, વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક ડબલ કરવાનાં બણંગા ફૂકતી ભાજપ સરકારે વર્ષ ૨૦૨૩માં ખેડૂતોનાં ખર્ચા ડબલ કરી દીધા, ભાજપનાં રાજમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી, જંતુનાશક દવા તથા બિયારણ મોંઘા દાટ બની ગયા છે, પરિણામે ખેડૂતોની આવક વધવાનાં બદલે જાવક વધી ગઈ હોવાથી ખેડૂતોને પોતાના ઘરનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. હાલમાં ચોમાસાની સિઝન હોય અને ખેડૂતોને પોતાના પાકનું પોષણ કરવા માટે અને રક્ષણ કરવા માટે યુરિયા ખાતરની તાતી જરૂરિયાત હોય ત્યારે ગુજરાતની આ ભાજપ સરકાર ખેડૂતોને સમયસર યુરિયા ખાતર પણ ઉપલબ્ધ કરાવી શકતી નથી, યુરિયા ખાતર મેળવવા માટે ખેડૂતોને પડતી મુશ્કેલીની કોઈ પરવા નથી, ભાજપનાં નેતાઓ માત્રને માત્ર ખેડૂતોને ભોળવીને તેના મત લેવા માટે ઉપયોગ કરે છે, ખેડૂતોની સમસ્યાઓ દૂર કરવા માટે અને ખેડૂતોની આવક ડબલ કરવા માટે ભાજપનાં નેતાઓને કોઈ જ રસ નથી.

---

## જિલ્લાની શિક્ષણક્ષેત્રની અગ્રેસર સંસ્થા

# અમરેલીની વિદ્યાસભા સંકુલમાં વિદ્યાર્થીઓને અવરનેશ ટ્રેનીંગ આપતું ફાયર વિભાગ

**ફાયર વિભાગ દ્વારા અવરનેશનો કાર્યક્રમ યોજાયો**





અમરેલી, તા. ૨૯

કોઈપણ જગ્યાએ કયારે આફત આવી ચડે તે નકકી ન હોય. ત્યારે અન્ય કોઈ સહાય મળે તે પહેલા તાત્કાલીક યુધ્ધનાં ધોરણે રાહત કામગીરી શરૂ થઈ શકે તે માટે થઈ અમરેલી ફાયર વિભાગ ધ્વારા અમરેલીમાં આવેલ વિદ્યાસભા સંકુલ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનોને ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી ધ્વારા અવરનેશ ટ્રેનીંગ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ધ્વારા ફાયર વિભાગ ધ્વારા વધુમાં વધુ અવરનેશ ફેલાય તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

---

# સાવરકુંડલા : કરબલાના શહાદતોની યાદમાં ‘યા હુસેન’ના નાદ સાથે મુહરર્મનું વિશાળ ઝુલુશ નીકળ્યું









ઈસ્લામિક મહિના મોહરર્મના દશમાં ચાંદ (એટલે ૧૦મી તારીખ) રોજ તાજીયા સાથે વિશાળ જુલુશ સાવરકુંડલા શહેરમાં કાઢવામાં આવ્યું હતું કલાત્મક નકશીકામ સાથે મુસ્લિમ સિપાહી જમાત, સંધી જમાત, ખાટકી જમાત, બગદાદ નગર, નેરડી વિસ્તાર, પઠાણ ફળી, અને કાપડિયા સોસાયટી વિસ્તારોમાં તાજીયા બનાવમાં આવ્યા હતા ને શહેરના રાજમાર્ગો પર ફર્યા હતા, ને સાવરકુંડલા શહેર સાથે તાલુકાભરમાંથી હઝરત ઈમામે હુસૈનની યાદમાં ઉજવાતા પર્વની ઉજવણી કરાઈ હતી મહોરમ પર સાવરકુંડલા શહેરને શણગારવામાં આવ્યું હતું ને ઠેર ઠેર નિયાજ (પ્રસાદ) સ્વરૂપે ઠડા પીણા, શરબત, કોલ્ડરિંકસ,ચા ના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા તાજીયા નીકળેને ચોકારો રમી યા હુસૈન ના નાદથી કુંડલા ગુંજી ઉઠયું હતું. ઉલ્લેખનીય છે કે ઈસ્લામી મહિનાનો પહેલો અને છેલ્લો બંને મહિનો કુરબાની (ત્યાગ, બલિદાન)નો સંદેશો આપે છે, આ મહિનાઓ ઉપરથી બોધપાઠ લઈ મુસલમાનોએ શહિદે આઝમ હઝરત ઈમામ હુસૈન અને હઝરત ઈબ્રાહિમ અલેયહીસ્સલામ અને ઈસ્માઈલ અલેયહીસ્સલામની સુન્નતો (જીવન ચરિત્ર) ઉપર અમલ કરવો જોઈએ, ઈમામ હુસેન રદીયલ્લાહુ અન્હુ અલ્લાહ તઆલાના છેલ્લા પયગમ્બર (દૂત, સંદેશાવાહક, નબી) મુહમ્મદ સાહેબના નવાસા – પૌત્ર થાય છે. અને ઈમામ હુસેનના માતા હજરત ફાતિમા કે જેઓ પોતાની તમામ અવલાદમાં પયગમ્બર મુહમ્મદ સાહેબને સૌથી પ્રિય હતા. મુહરર્મ મહિનાનો મહિમા – મહત્વ ઈમામ હુસેન રદીયલ્લાહુ અનહુની શહાદતના વાકીયા પેહલાથી છે અને આ દિવસનો રોજા રાખીને હઝરત ઈમામે હુસૈનને યાદ કરતા મુસ્લિમોએ શાનો શૌકતથી મહોરમનો પર્વ ઉજવાયો હતો જેમાં ડી.વાય.એસ.પી. હરેશ વોરા, પી.આઈ.સોની, પી.એસ.આઈ. સિસોદીયા અને હોમગાર્ડ જવાનોએ બંદોબસ્ત જાળવી રાખ્યો હતો.

## શુક્રવારે રાત્રિનાં તાજીયા પડમાં આવ્યા બાદ


# અમરેલી જિલ્લામાં ''ગમે હુશેન''ની યાદમાં તાજીયા ઠંડા કરાયા

ગમ અને દુઃખ સાથે આ તહેવારની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવે છે

ઈમામ હુશેનની તેમજ ૭ર શહીદોની યાદ તાજી રાખવા માટે જુદી-જુદી કમિટીઓ દ્વારા તાજીયા બનાવાઈ છે

અમરેલી શહેરમાં ર૦૦ ઉપરાંત કલાત્મક તાજીયા બનાવવામાં આવ્યા છે

સાવરકુંડલા સહિત જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ તાજીયા બનાવાયા



અમરેલી, તા. ર૯

અમરેલીમાં આજે યવમે આશુરાના દિવસે ઈમામે હુશેનની યાદમાં બનાવામાં આવેલ તાજીયા ઠંડા કરવામાં આવેલ હતા. અમરેલીમાં અંદાજે નાના–મોટા ર૦૦ જેટલા તાજીયા બનાવામાં આવેલ હતા. આજે રાત્રીના તાજીયા ઠંડા કરવામાં આવેલ હતા, ગઈકાલે શુક્રવારે તાજીયા પડમાં આવ્યા બાદ આજે રાત્રીના ગમે હુશેનની યાદમાં સલાતો સલામ સાથે તાજીયા ઠંડા કરવામાં આવેલ હતા.

ઈસ્લામી તા. ૧૦મી મહોરમના દિવસે ઈરાકના કરબલા શહેરમાં હઝરતે ઈમામે હુશેને હક અને ન્યાય ખાતીર પોતે તેમજ તેમના પરિવારના સભ્યો સહિત ૭ર જા નિશારો દ્વારા શહીદી વહોરી લીધેલ હતી. જે શહીદોની યાદ તાજી રાખવા ઈસ્લામી ભાઈઓ દ્વારા મહોરમ મહિનામાં તાજીયા બનાવી હઝરતે ઈમામે હુશેનની યાદ તાજી કરવામાં આવે છે અને આ મહિનામાં વાએજ તેમજ ન્યાજ સહિતનાં કાર્યક્રમો મોટી સંખ્યામાં કરવામાં આવે છે.

ગમ અને દુઃખ સાથે આ તહેવારની મુસ્લિમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે, અને આ તહેવાર કયામત સુધી ઈમામે હુશેનની તેમજ ૭ર શહીદોની યાદ તાજી રાખવા માટે જુદી જુદી યુવા કમિટીઓ દ્વારા તાજીયા બનાવાનું આયોજન થાય છે. જેમાં અમરેલી શહેરમાં પણ ઈમામે હુશેનની યાદ તાજી રાખવા અંદાજે નાના–મોટા ર૦૦ જેટલા કલાત્મક તાજીયા બનાવામાં આવ્યા હતા. નવમી મહોરમ એ શુક્રવારે સાંજે તાજીયા પડમાં આવ્યા બાદ આખી રાત્રી માતમ મનાવ્યા બાદ બીજા દિવસે શનિવારે સાંજે ફરી સૌ તાજીયા પોતપોતાના રૂટ મુજબના વિસ્તારોમાં લઈ જવામાં આવેલ હતા અને શનિવાર રાત્રીના ઈમામના તાજીયા ઠંડા કરવામાં આવેલ હતા. મુસ્લિમો માટે આ તહેવાર ગમ અને સબ્રનો તહેવાર હોઈ છે. ગરીબો તેમજ યતીમ બાળકો, વિધવાઓ સાથે સારૂં વર્તન તેમજ દુશ્મન સાથે પણ ભાઈચારો રાખવા આ તહેવારમાં શીખવામાં આવે છે.

અમરેલીમાં આ તહેવાર દરમિયાન મુસ્લિમોમાં ગમ અને જજબા સહિતના દ્રશ્યો સામે આવેલ હતા. નવમી અને દસમી મહોરમ નિમિતે જુદા જુદા ફલોટ્સ તેમજ કરબલામાં સર્જાયેલ યુદ્ધનો ચિતાર રજુ થાય તેવા દ્રશ્યો ઉભા કરવામાં આવેલ હતા. પહેલી મહોરમથી ૩૦ મહોરમ સુધી ન્યાજ સબીલો વાએજ (પ્રવચનો ) સહિતના મુસ્લિમો દ્વારા આયોજન થયેલ હતા. ઉપરોકત તસ્વીરમાં શહેરના દિલાવરબાપુના શાહગોરાની ડેલીના તાજીયા તેમજ મિનિકસબા, બહારપરા, કસ્બા સહિતના તાજીયા તસ્વીરમાં જોઈ શકાય છે.

## સમુહ જ્ઞાતી ભોજન પ્રસાદ સહિતનાં કાર્યક્રમો

# ચલાલા લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

### અમરેલી અને સા.કુંડલાનાં લોહાણા મહાજનો તેજસ્વી તારલાને શુભેચ્છા પાઠવશે

ચલાલા, તા. ર૯

ચલાલા લોહાણા મહાજનની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ જલારામ યુવક મંડળ ચલાલા દ્વારા આજરોજ તા. ૩૦/૭/ર૦ર૩ રવીવાર સાંજના પ કલાકે ચલાલા લોહાણા મહાજનવાડીમાં ચલાલા રઘુવંશી સમાજનાં વિદ્યાર્થી તારલાઓ જેવા કે એલ.કે.જી. ધો. ૧ર માં વિશિષ્ટ ગુણ પ્રાપ્ત થયેલા વિદ્યાર્થીઓ સહિત તમામ વિદ્યાર્થીઓને, મોમેન્ટો, શીલ્ડ, રોકડ પુરસ્કાર, શૈક્ષણિક કીટ, આપી તેનું સન્માન કરી તેઓને પ્રોત્સાહીત કરવા માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ રઘુવંશી સરસ્વતી સન્માન સમારોહમાં અમરેલી અને સાવરકુંડલાથી લોહાણા મહાજનનાં વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહી તેજસ્વી વિદ્યાર્થીઓને આશીર્વાદ સાથે પોતાની શુભકામનાઓ વ્યકત કરશે. સરસ્વતિ સન્માન સમારોહ પુરો થયા બાદ રાત્રીનાં ૮ કલાક રઘુવંશી સમાજનું સમુહજ્ઞાતિ ભોજન પ્રસાદ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લોહાણા મહાજનનાં માર્ગદર્શન નીચે જલારામ યુવક મંડળનાં સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે.

## ડો. કિરીટકુમાર દેસાણીનાં અમૃત વ્યવસ્થા અવસરે

# અમરેલીની ગિરનારી હોસ્પિટલમાં વિનામૂલ્યે નિદાન કેમ્પનું આજે આયોજન

### દર્દીઓને દરરોજ વિનામૂલ્યે આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાશે

અમરેલી, તા. ર૯

અમરેલીનાં લીલીયા માર્ગ પર આવેલ ગિરનારી હોસ્પિટલમાં આવતીકાલ રવિવારે ડો.કિરીટકુમાર દેશાણીનાં અમૃત અવસ્થાનાં અવસરે વિનામૂલ્યે નિદાન અને માર્ગદર્શન કેમ્પનું આયોજન સવારનાં ૯:૩૦ થી ૧:૩૦ અને સાંજે પ થી ૮ રાખેલ છે.

ડો. દેશાણી, ડો. ગોંડલીયા, ડો. વંદના નકુમ અને ડો. કટેશિયા નિદાન કરશે. જરૂરિયાતમંદો એ જુના રીપોર્ટ સાથે પધારવા જણાવાયું છે.

દર્દીઓને દરરોજ વિનામૂલ્યે આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાશે





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (ર) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









# એક વખત એવું બન્યું (મહિલા તિજોરી અધિકારીની જોહુકમી)

**ભાગ–૨૮**

**(કોલમિસ્ટ પોતે જયારે મામલતદાર તરીકે સરકારમાં ફરજનિષ્ઠ હતા એ સમયની કેટલીક યાદગાર ઘટનાઓ આપને આ શ્રેણીમાં વાંચવા મળશે.)**

ખંભાળિયા ખાતે તાલુકા મેજિસ્ટ્રેટ તરીકે હું હાજર થયો અને સીધો જ વિધાનસભા ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત થઈ ગયેલ. ચૂંટણીમાં ઘણાં કર્મચારીઓ મુકિત માટે મળવા આવવા લાગ્યા. ચૂંટણીમાંથી મુકિત મેળવવા માટે અરજીઓની લાઈન લાગી, પરંતુ અમારા જિલ્લા ચૂંટણી અધિકારી કલેકટર સાહેશ્રીની સ્પષ્ટ સૂચના હતી કે કોઈ પણને ગંભીર કારણો સિવાય મુકિત આપવી નહીં. અહીંના તે સમયના જિલ્લા તિજોરી અધિકારી તરીકે એક મેડમ હતા. શરૂઆતમાં આ મેડમનો ખાસ કોઈ પરિચય ન હતો. પરંતુ લગભગ ત્રણે વખત એમના મને મોબાઈલ પર ફોન આવેલા અને તેમના સ્ટાફના તેમના અંગત કોઈ બે વ્યકિતઓને ચૂંટણી ફરજમાંથી મુકિત આપવાની દલીલ કરી રહ્યા હતા, પરંતુ આ વખતથી ચૂંટણીમાં વીવીપેટ નામનું નવું મશીન વપરાશમાં લેવાનું હોય દરેક મતદાન મથક દીઠ અગાઉની ચૂંટણીઓ કરતા એક વધારાના સ્ટાફની નિમણૂક કરવાની સૂચના હોઈ કોઈપણને મુકિત આપી શકાય તેમ ન હતી.

રાજય ચૂંટણીપંચના અધિકારીના ખૂબ નજીકના સંબંધીને પણ મેં અમારા જ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ ભલામણ કરેલ હોવા છતાં મુકિત આપેલ નહીં. કારણ કે મારી ફરજ દરમિયાન માટે સંબંધ કરતા ફરજને વધુ મહત્વ આપવાનું હતું. અમારા માટે બધા સરખા ગણાય. આથી એમને મુકિત ન આપવાના કારણે તેમને ચૂંટણી કરવાનો વખત આવ્યો. વધુમાં જિલ્લા કક્ષાએથી પણ આ મેડમશ્રીને કેટલીક કામગીરી સોંપવામાં આવેલ. જે તેમને કરવાની ઈચ્છા ન હતી. આથી ચૂંટણી પૂરી થયા બાદ પોતાની સત્તાનો દુરૂપયોગ કરવાનું તેમણે શરૂ કરેલ. તેમણે સૌથી પહેલાં તો મારા પગાર બીલોમાં બિનજરૂરી ક્ષતિઓ કાઢવાનું શરૂ કર્યું અને મારો પગાર રોકવા માંડયા. આ ઉપરાંત અમારી કચેરીના અન્ય બીલો જેવા કે મધ્યાહન ભોજનના બીલ અને ચૂંટણી કામગીરી સમયના મંડપ, કેટરિંગ વગેરે બીલોમાં બિનજરૂરી ક્ષતિઓ કાઢીને બીલ પરત કરવા લગ્યા. જિલ્લા કક્ષાની કચેરીને પણ આ પ્રકારના અનુભવો થવા માંડયા.

આપને નવાઈ લાગશે કે અમને દરેક સરકારી અધિકારીને પગારમાં પી.ટી.એ. તરીકે પેટ્રોલ એલાઉન્સ મળતું હોય છે. મારી આઠ વર્ષની કારકિર્દીમાં પ્રથમ વખત મને તિજોરી અધિકારીએ એવું કહ્યું કે તમને પી.ટી.એ. મળે નહીં આ બાબતે કોલ્ડ વોર શરૂ થઈ. માર્ચનો એન્ડ નજીક આવ્યો તે સમયે મારા બે પગાર બીલ અને બિચારા મધ્યાહન ભોજન સંચાલકોના માનદ વેતન અને કન્ટીજન્સીના બીલો તેમણે અગાઉના મહિનાઓમાં મંજુર કરેલા. તે પ્રકારના જ બીલો હોવા છતાં કાયદાના ખોટા અર્થઘટનો કરીને ક્ષતિઓ કાઢી, પૂર્તતા માટે પરત મોકલી આપ્યા. અમે ૩૦ માર્ચે આ ક્ષતિઓની પુર્તતા કરીને બીલો પરત કરેલ હોવા છતાં તેમણે ૩૧ માર્ચના રોજ મારી કચેરીના કલાર્કને સવારથી રાત સુધી તિજોરી કચેરીમાં બેસાડી રાખ્યા. જે બાબતે મને ખુબ ગુસ્સો આવ્યો અને જિલ્લા કલેકટર સાહેબશ્રીને આ બાબતે રજૂઆત કરતા તેમને પણ ઘણાં પ્રયત્નો કરવા છતાં આ મેડમશ્રીને કદાચ સારૂં પોલિટિકલ બેકિંગ હોવાના કારણે જિલ્લા કલેકટરશ્રીનું પણ માન્યા નહીં.




મધ્યાહન ભોજનની ખૂબ મોટી ગ્રાન્ટ પરત જતી રહી. આથી મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલક યુનિયને ત્યારપછીના મહિનામાં નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડી અને સમગ્ર જિલ્લાના મધ્યાહન ભોજન કેન્દ્રો બંધ રહ્યા. એક અધિકારીના ઈગો અને હઠને કારણે બિચારા કેટલાય બાળ કો એ દિવસે ભૂખ્યા રહયા. ગાંધીનગરથી તાત્કાલીક મધ્યાહ્ન ભોજન કેન્દ્ર શરૂ કરવા અને જે પણ પ્રશ્ન હોય તેને પૂરો કરવા કડક સૂચના આપવામાં આવી. ત્યારે આ મેડમશ્રીએ બીલ પાસ કરી આપ્યા પરંતુ મારો પગાર તો થયો જ નહીં. સમય પસાર થવા લાગ્યો અને મારા પાંચ મહિનાના પગારબીલ થયા નહીં. મેં વગર પગારે મારી ફરજ બજાવેલ. મારા કલેકટર સાહેબશ્રી પણ આ બાબતે સતત પ્રયત્નશીલ હતા. તેમણે મારી ફરિયાદના આધારે જિલ્લા તિજોરી અધિકારીને જિલ્લા સંકલનની મિટિંગમાં આ બાબતે ખુલાસો પૂછતા આ બહેનશ્રીએ જિલ્લાના લગભગ તમામ અધિકારીઓની હાજરીમાં સન્માનનીય જિલ્લા કલેકટર સાહેબશ્રીનું અપમાન કરી નાખેલ. તેમણે સાહેબશ્રીને એવું કહેલું કે હું તમારો પણ પગાર અટકાવી શકું.

વિચારો મિત્રો ! કેવા કેવા પ્રકારના અધિકારીઓ આ સિસ્ટમમાં કામ કરી રહ્યા છે ? નથી લાગતું ભરતી પ્રક્રિયામાં ખામી હોય ? ચૂંટણીમાં કામગીરી કરવી એ દરેકની ફરજ છે. ચૂંટણીમાં દરેક પાસે કામગીરી લેવી એ અમારી ફરજ છે. અમારી ફરજના ભાગરૂપે અમે જે કામ કર્યુ એમાં અમને અમારા વિભાગે કે ચૂંટણી પંચે કોઈ મદદ ન કરી. ખૂબ ખરાબ પરિસ્થિતિ છે મિત્રો ! સારા અધિકારી જે આ તંત્રમાં કામ કરે છે એમને પણ વખતોવખત ખરાબ અનુભવો થતાં હોવાના કારણે તેઓ સારા રહીને કામ કરી શકતા નથી. મારો કુલ નવ મહિનાનો પગાર બાકી હતો. અંતે મેં અને કલેકટર સાહેબે નક્કી કર્યું કે આ બહેનને પી.ટી.એ. વગરના બીલો મૂકીએ એટલે મારા તમામ બીલોમાંથી મેં દર મહિનાના ૨૩૦૦ રૂપિયા લેખે એલાઉન્સ કટ કરીને બીલ રજૂ કર્યા તો પણ તેમણે માર્ચ, જૂન, સપ્ટેમ્બર મહિનાના બીલ બાકી રાખ્યા અને કારણ એવું આપ્યું કે તમારા જુના ડીસી બીલ બાકી હોવાથી આ પગાર થઈ શકે નહીં.

મારી નિમણૂંક ૨૦૧૭માં ખંભાળિયામાં થયેલી અને ૨૦૦૮થી ઘણા બીલના વિગતવાર બીલ બાકી હતા. પરંતુ મારા સમયગાળાનું એક પણ ડી.સી. બીલ બાકી ન હતું. તેમ છતાં પણ અગાઉના મામલતદારશ્રીઓના પગાર ન રોકીને મારો પગાર રોકવામાં આવ્યો. હળાહળ અને દેખીતો અન્યાય હતો. મેં અગાઉ કહ્યું તેમ આખુ તંત્ર રામભરોસે ચાલે છે એવો અનુભવ થયો. જોવાની ખૂબી એ છે કે અમારા જિલ્લા કલેકટર સાહેબશ્રીએ ડાયરેકટર ઓફ ટ્રેઝરીઝને જિલ્લા તિજોરી અધિકારીની લેખિત ફરિયાદ આધાર પુરાવા સાથે કરવા છતાં પણ તેમના વિભાગમાંથી રેવન્યૂની સત્તા બાબતે બળતરા હોવાના કારણે જિલ્લા કલેકટર સાહેબશ્રીની ફરિયાદ પણ દફતરે કરવામાં આવેલ. મહામહેનતે મારી બદલી થયા બાદ નવા મામલતદારશ્રીનો ડિસેમ્બર મહિનાનો પગાર ભુલથી જિલ્લા તિજોરી અધિકારી દ્વારા કરાતા એ સાબિત થયું કે, ડી.સી.બીલ બાકી હોવા છતાં માત્ર મારો જ પગાર રોકવામાં આવેલ.

માનસિક ત્રાસ આપવા બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની અને કોર્ટમાં આ બાબતે ફરિયાદ કરવાની મંજૂરી માગતો પત્ર વ્યવ્હાર કરવાના કારણે લગભગ એક વર્ષ બાદ મારા બાકી પગાર કરવામાં આવ્યા. મને ખરેખર ખૂબ જ એટલે ખૂબ જ આશ્ચર્ય થયું, દુઃખ લાગ્યું. ચૂંટણીમાં જો અમે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હોય અને એના કારણે જે કોઈ આવા પ્રશ્નો સર્જાય તો અમને સહકાર આપવાને બદલે રાજયના ચૂંટણીતંત્ર દ્વારા આ બાબતે હાથ ઊંચા કરી લેવામાં આવે. ત્યાંના અધિકારીઓ દ્વારા અમારા ફોન રીસિવ કરવામાં ન આવે. આ તો કેટલું ખરાબ કહેવાય ? આને કારણે અધિકારીઓની કામ કરવાની ઈચ્છા ઓછી થતી જાય છે. કડકાઈથી અધિકારીઓ કામ નથી લઈ શકતા. અંતે તો નુકસાન પ્રજાને જ થાય છે. **(ઉકત હકીકત ડો.ચિંતન વૈશ્નવ લિખિત ‘તેજોવધ’ પુસ્તકમાંથી લેવામાં આવેલ છે.)**

---

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોષી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ–૧૪૭**


પ્રિય વાચક મિત્રો,

૧૯૫૯ના ફિલ્મી સફરમાં આપણે આજે ૧૯૫૯ના વર્ષમાં હિન્દી સિનેમામાં પ્રવેસ કરેલ અને આજેપણ લોકપ્રિય સિતારાઓમાં જેની ગણના થાય છે, તેવા કલાકારનો ટૂંકમાં પરિચયની વાત કરીશું. પણ તે પહેલા આ કાલમમાં લખવા લાયક આ ઘટના નથી, પણ થયેલ ઘટનાથી ભલભલાના હૃદય કંપી ઉઠયા છે, તેની સહજ વાત કરવા જઈ રહ્યો છું અમદાવાદમાં થયેલ (હત્યા કાંડ), હું મારા મતે તે ઘટનાને અકસ્માતના રૂપમાં નથી જોતો એટલે હત્યાકાંડ લખ્યું છે, તે કેટલા અંશે આરોપીને સજા મળશે તે બાબત થોડી વાત કરીએ. ઘણા પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે, જેમ કે આરોપી ડ્રગ્સ કે અન્ય નશામાં હતો કે, દોલત અને રાજકીય વગના નશામાં હતો, તેની જાણ સામાન્ય માનવી સુધી પહોંચશે ?, શું સામાન્ય માનવીને ન્યાય મળશે, કે રાજકીય વગ અને પોલીસના વગ ધરાવતા આરોપી બેખૌફ આવા કૃત્ય કરતાં રહેશે ?, શું તે આરોપી સાથે સામાન્ય ઘરની યુવતીઓ જે



અભ્યાસ કે નોકરી માટે મોટા શહેરોમાં એકલી રહે છે, તે કયાં પ્રલોભનથી આરોપી સાથે હતી ?, શું આવી યુવતીઓ શહેરમાં રંગ રેલીયા મનાવે છે, તે પણ મધરાતે તો તેમના વાલીઓનો તેમાં વાંક નથી ? આવા ઘણા સવાલ ઊભા થાય છે, અને નિરાશાથી તેના જવાબ મળતા નથી, કારણ કે દરેક ને ખબર છે, કે સમય સાથે લોકો આ ભૂલી જશે, અને ફરી આવી ઘટના બનશે ત્યારે લોક આક્રોશ ઊભો થશે, પણ હંમેશાની જેમ સામાન્ય માનવીની પીડા દૂર થસે નહીં, શું આ લોકશાહી છે ? ચાલો જવા દો.. એ બધી વાતો ફિલ્મી સફરમાં આગળ વધીએ.

**આશા પારેખ** : આશા પારેખ એટલે સૌરાષ્ટ્રના વતની, મહુવા તેમનું મૂળ વતન, મહુવામાં આજેપણ ગાંધીબાગ તેમણે બનાવેલ છે, તે તેમની સ્મૃતિ છે, આશાજી આજેપણ શ્રી ભૂરખિયા હનુમાનજીના દર્શન કરવા જયારે સૌરાષ્ટ્રમાં આવે છે, ત્યારે જાય છે. તેવા આશા પારેખ મૂળ ગુજરાતી તેમના પિતા બચુભાઈ પારેખ અને માતા મુસ્લિમ સલમા પારેખ અને તેમનું સંતાન એટલે આશાજી. જેમનો જન્મ ૨–૧૦–૪૨ માં રોજ થયો હતો, આશાજીના માતા એક નૃત્યાંગના હતા, અને તેથી હિન્દી સિનેમા સાથે જોડાયેલા હતા, આશા માત્ર દસ વર્ષના હતા, ત્યારે બિમલ રોયે તેમને નૃત્ય કરતા જોયા હતા, અને તેમની ફિલ્મ ‘માં’ માં ૧૯૫૨માં તેઓ પ્રથમ વાર બાળ કલાકાર રૂપે રૂપેરી પરદે જોવા મળ્યા હતા, ત્યરબાદ ૧૯૫૪માં બાપ બેટીમાં પણ તેઓ એ બાળ કલાકારની ભૂમિકા ભજવેલ હતી, તેઓ સોળ વર્ષના થયા ત્યારે તેમણે હિન્દી સિનેમામાં હિરોઈન રૂપે કામ કરવાની ઈચ્છા પ્રગટ કરી, અને તે સમયે, વિજય ભટ્ટ ત્યારે રાજેન્દ્રકુમારને લઈ ફિલ્મ ‘ગુંજ ઉઠી શહેનાઈ’ બનાવી રહ્યા હતા, અને નવી અભિનેત્રીની શોધમાં હતા, પણ છેલ્લી ઘડી એ આશાને તેમનામાં સ્ટારનું પ્રભુત્વ નથી કહી, તે ફિલ્મમાં અમિતાને લેવામાં આવ્યા હતા, આ ઘટનાના એક સપ્તાહ બાદ સુબોધ મુખર્જીને આશા બાબત સમાચાર મળ્યા, તેઓ શમ્મી કપૂરને લઈ ફિલ્મ ‘દિલ દે કે દેખો’ બનાવવા જઈ રહ્યા હતા, અને તદ્ન ફ્રેશ અભિનેત્રીની ખોજમાં હતા, અને આશાના સંપર્કમાં આવ્યા બાદ તેમની પ્રણય ફિલ્મ માટે તેમને આશા સંપૂર્ણ પણે ફિલ્મ માટે યોગ્ય લાગ્યા, અને આશાની પ્રથમ ફિલ્મ શમ્મી કપૂર સાથે, "દિલ દે કે દેખો" આવી જે ૧૯૫૯માં પ્રદર્શિત થઈ, ત્યારે તેમની વય સતર વર્ષની હતી, દિલ દે કે દેખો ફિલ્મમાં આશાજીને દર્શકોએ ખુબજ પસંદ કર્યા, સાથે, તે ફિલ્મમાં ગીતો સફળ રહ્યા અને ફિલ્મ સુપર હિટ સાબિત થઈ, ત્યારબાદ આશાજી એ સતત પ્રગતિના પથ પર જ રહ્યા, અને ૧૯૬૦–૭૦ના દસકમાં તેઓ પ્રથમ ક્રમાંકના અભિનેત્રી બની રહ્યા, તેઓ ૧૯૮૦ના સમયમાં અમુક ચરિત્ર ભૂમિકામાં દેખાયા, પણ તેમને આ ભૂમિકાઓ તેમણે ભોગવેલ જાહોજલાલી સામે નાની લાગી અને તેમણે ફિલ્મોમાં કામ બંધ કર્યુ, ત્યરબાદ તેઓ ૧૯૯૦ના સમયમાં ટેલિવિજનમાં ધારાવાહિક બનાવતા હતા, તેઓ ૧૯૯૪ થી ૨૦૦૦ સુધી તેઓ સિને આર્ટિસ્ટ એસોસીએશનના પ્રમુખ રહ્યા, ૧૯૯૮ થી ૨૦૦૧ સુધી તેઓ પ્રથમ મહિલા સેન્સર બોર્ડના અધ્યક્ષ રહ્યા, અને શેખર કપૂરની ફિલ્મ "એલિઝા બેથ"ને મંજૂર ના કરવામાં વિવાદિત રહ્યા. આશાજી એ જીવનમાં લગ્ન કર્યા નથી, તેઓ ફિલ્મ નિર્માતા નિર્દેશક નાસિર હુસેનથી નજદીક હતા, જે તેમણે પણ કહ્યું છે, પણ નાસિર પરણિત હોવાથી તેઓ જીવન સાથી બની શકયા નહીં, અને આશાજી તેમનો ધર્મ બદલવા માંગતા ના હતા, જેથી તે શકય બન્યું નહીં, ત્યારબાદ તેમણે અમેરિકન ભારતીય ડોકટર સાથે લગ્નનું નક્કી કરેલ પણ તે ડોકટરનું ચરિત્ર બરાબર ના હોવાથી આશાજી એ તેમનો ત્યાગ કરેલ હતો, તેઓ એક બાળકને દતક લેવા માંગતા હતા, પણ તે પણ શકય બન્યું ના હતું, તેમણે મુંબઈમાં એક નાટય સંસ્થા ખોલી છે, અને બી.સી.જે. હોસ્પિટલ અને આશા પારેખ રિસર્ચ સેન્ટર પણ ખોલ્યું છે, જે થોડા સમય માટે વિવાદિત રહ્યું હતું, આશાજી તેમના સહ કલાકાર એવા વહિદા રહેમાન સાથે મિત્રતાથી હંમેશા જોડાયેલા રહ્યા, એચએએલ તેઓ ૮૧ વર્ષની વયે તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે, આશાજીને દાદા સાહેબ ફાળકે અને પદ્મશ્રી અને પદ્મભૂસણ સહિત અનેક પુરસ્કારથી સન્માનીત કરાયા છે.



**ફિરોઝ ખાન** : ઝુલ્ફીકાર અલીખાન એટેલ ફિરોઝખાનનો જન્મ ૨૫–૯–૧૯૩૯ ના બંગલોરમાં થયો, તેમના પિતાનું નામ સદીક અલીખાન હતું, તેમની માતાનું નામ ફાતિમા હતું જે મૂળ ઈરાનના વતની હતા. તેઓના ભાઈઓ સંજયખાન, અકબરખાન અને બહેનો ખુર્શીદ શાહનવર અને દિલશાદ બેગમ પણ હિન્દી સિનેમા સાથે થોડા ઘણા અંશે જોડાયેલા છે. બંગલોરમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ મુંબઈ આવ્યા, તેમને ૧૯૫૯ની ફિલ્મ ‘દીદી’માં નાની ભૂમિકા મળી, ત્યારબાદ તેઓ ઘણી ફિલ્મોમાં નાની પણ મહત્વની ભૂમિકામાં દેખયા. પણ સફળતા ૧૯૬૫માં ઊંચે લાગથી મળી, જેમાં તેમનો મુકાબલો અશોકકુમાર અને રાજકુમાર સાથે હતો, પણ તેમની ભૂમિકાની પ્રસંસા કરવામાં આવી, ત્યારબાદ એક સપેરા એક લૂટેરા જેવી સફળ ફિલ્મો આવી પણ તેમની નામના ફિલ્મ "આરઝું" જે ૧૯૬૫માં આવી ત્યારથી થઈ, ફિરોઝ તેમને મળતી ભૂમિકાઓથી થોડા નારાઝ હતા, કારણ કે તેમની સાથે બીજા હીરો ફિલ્મોનો યશ લઈ જતાં હતા, તેમણે પોતાના નિર્માણ અને નિર્દેશનમાં ફિલ્મ બનાવવું તેવું નક્કી કર્યુ, અને ૧૯૭૧માં અપરાધ ફિલ્મ બનાવી જેમાં નાયિકા મુમતાઝ હતા, જે આગળ જતાં તેમના વેવાઈ બનશે તેવો સપને પણ તેમને ખ્યાલ ના હતો, આ ફિલ્મ સુપર હિટ રહી, અને ત્યારબાદ ફિરોઝની સફળતા તેમની આગવી અદાને આપણે જાણીએ જ છીએ.

ફિરોઝ ખાનની અંગત જીવનમાં જાખીએ તો તેઓએ સુંદરી ખાન સાથે ૧૯૬૫માં લગ્ન કરેલા હતા, તેમણે એક પુત્રી લૈલા ખાન અને પુત્ર ફરદીન ખાન પ્રાપ્ત થયા હતા, ફરદીન ખાન હિન્દી સિનેમામાં હીરો તરીખે પિતા જેટલી ખ્યાતિ પ્રાપ્ત કરી શકેલ નથી, ફિરોઝ ખાને તેમની પત્ની સાથે ૧૯૮૫માં ડિવોર્સે લીધા હતા, ફરદીન ખાનના લગ્ન મુમતાઝની પુત્રી નતાશા સાથે થયા છે, ફિરોઝ ખાનને કેન્સરની બીમારી લાગુ પડી અને ૨૭ – ૪ – ૨૦૦૯ ના રોજ તેઓ હિન્દી સિનેમામાં અમર થયા હતા, ફિરોઝ ખાન પાકિસ્તાનમાં જઈ એવું બોલ્યા હતા, કે હું ભારત દેશથી ખુશ છું , અને ભારતના મુસ્લિમો પાકિસ્તાન કરતા પણ ભારતમાં સુખી છે. ફિરોઝ ખાનને ફિલ્મફેર સહિત ઘણા પુરસ્કારોથી સન્માનીત કરાયા છે.

**રાજેન્દ્ર નાથ** : રાજેન્દ્ર નાથ મલ્હોત્રાનો જન્મ ૮ – ૬ – ૧૯૩૧ના તીકમગઢમાં થયો હતો, તેઓ પ્રેમનાથના નાનાભાઈ છે, શશધર મુખર્જીની ફિલ્મ ‘દિલ દે કે દેખો તેમની પ્રથમ ફિલ્મ રહી, રાજેન્દ્ર પ્રથમ ફિલ્મથી જ એક કોમેડિયન કલાકારના રૂપે હિન્દી સિનેમામાં જોવા મળ્યા, તેઓ હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો ત્યારે તેમના સમકાલીન, જગદીપ, મહેમુદ સંપૂર્ણ રીતે કોમેડિયનના કિરદારમાં જોવા મળતા ના હતા, અને તે સમયે હિન્દી સિનેમાને એક સફળ કોમેડિયનની જરૂર હતી, ૧૯૫૯ પછી રાજેન્દ્ર કુમારે હાસ્ય કલાકારના રૂપે પાછું વાળી જોયું નથી, ખાસ શમ્મી કપૂર સાથે તેમની જોડી વધુ જોવા મળતી હતી, તેઓ ૧૯૯૫ સુધી હિન્દી સિનેમામાં સક્રિય રહ્યા હતા, ૧૩–૨–૦૮ ના રોજ તેઓનું નિધન થયું અને તેઓ હિન્દી સિનેમાના રૂપેરી પરદે અમર થયા હતા.આગામી અંકમાં ૧૯૫૯ના સફળ ફિલ્મો અને યાદગાર ગીતો સાથે મળીશું. આભાર.

---

**જીવન જયોત પારસમણી ગાઓ આશાનું ગાન....!**

જીવન જયોત જગાવો પ્રભુ હે ! જીવન જયોત જગાવો...!

જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો... અમને

મધમધતા શિખવાડો...

"પ્રભુ હે જીવન જયોત...( સુંદરમ્)

ઉત્તમ અને શ્રેષ્ઠ જીવન જીવવાની કલા દરેકનો અનોખો વ્યકિતગત અનુભવ અને કલા માટે શીખવાનું છે. આનંદની પળો જીવનમાં બનતી હોય છે. સ્મરણ પટ પર આવા આનંદની ઘટનાઓ યાદ કરી મનને આનંદમાં રાખવું. દરેકનાં જીવનમાં સુખનાં અવસરો આવતા હોય છે. ફિલ્મનાં પડદાની જેમ મનચક્ષુ આગળ સુખદ સંભારણાની રીલ રીપીટ કરવાથી હૃદયમાં પોઝીટીવ ઉર્મિઓ છલકાશે.

અમુક ઉંમરે દરેકને થવું જોઈએ 'હું ખુશ છું" જીવનમાં જે કંઈ બન્યું છે તે પરમાત્માની ઈચ્છાથી થયુ છે. તે બરાબર અને યોગ્ય છે. હવે પછીનાં દિવસો ઈશ્વરે આપેલા વરદાન સમા બક્ષિસ છે. ગમે ત્યારે ગુડબાય કહેવાનું સ્ટેશન આવે ત્યારે હું ઉતરી જવા તૈયાર છું...! પરંતુ બધા માટે જીવન મધુર સંભારણા જેવું બની શકે ? હા...!

સત્ય, પ્રેમ કરૂણા દિલમાં પ્રગટાવી છે.

અમારે આ સંસારને પ્રેમનો પારસમણી કરવો છે.

જો જો પ્રિય ભાઈઓ એન બહેનો આ સુંદર વસુધાની સુંદરતા ના હણાય. એક પ્રાર્થના છે. "મંદીર તારૂ વિશ્વ રૂપાળુ...!" પરંતુ કેટલીક વખત આપણી નાનકડી ભુલ.. ખોટી ગેરસમજ અને ક્રોધનાં આવેશમાંથી બોલાયેલા શબ્દો..ઘણાનાં જીવનને આગ લાગડી ભસ્મીભૂન કીર શકે છે.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




અંગ્રેજીમાં એક વાકય છે. 'The word is mighter than the sword' મતલબ કે શબ્દોની તાકાત તલવાર કરતા વધુ શકિતશાળી છે. તલવારનો ઘા રૂઝાય જશે. પણ શબ્દોના ઘા કદી રૂઝાશે નહિ.. શબ્દોને પાછા વાળી શકાય ? હા.. ખરા દિલથી સરચાઈથી માફી માંગવામાં આવે તો. શબ્દોના ઘા રૂઝાય શકે છે. જીવનનાં રહસ્ય શોધવાનાં આ લેખમાં જગ્યા ખુબ ટુકી છે. તેથી એક ઘટના અતિસંક્ષેપમાં લખું. ટ્રેનમાં એક સ્વજન મળી ગયા. સમયનાં ઉઝરડા અને વેદનાનાં ખીલા ઘરબાયેલા ચેહરો જોઈ હું સાબ્ધ થઈ ગયો મે પ્રેમથી ભેટીને પુછયુ. ભાઈ આવી શૂન્ય મનોરોગી જેવી દશા કેમ થઈ ? કે પછી બીમાર છો ? મારી સાથે સંબધ અનુબંધ હોવાથી અને મિત્રતાના દાવે હૃદય ધીમે ધીમે વહેવા લાગ્યું ! આંસુઓથી ટપકતી આંખે કહયું... "જેને પ્રેમનો દીવો પ્રગટાવ્યો ... પ્રેમની પાંખો આપી.. એમનાં ઘરે જ અંધારૂ થયું. આનંદનાં આકાશમાં શંકાની અજાણી વીજળીએ મને સળગાવી જીવંત લાશ બનાવી... બસ હવે કોઈ શબ્દો નથી... આંસુ....!

આશ્વાસન આપી સ્વસ્થ કરી આગળની વાત સાંભળી આટલું સમજાયું કે ક.મા. મુનશીએ જે સ્વપ્ન સુંદરીની કલ્પના કરી હતી. તેમ આ મિત્રને જિંદગીનો પ્રથમ પ્રેમ પરિચય થયો. અને શાશ્વત સમયની સિમેન્ટ લાગી અમર થયો, અચળ થયો પરસ્પર પારાવાર પ્રેમ અનેક શબ્દો પત્રો દ્વારા અભિવ્યકિત અને આ બધા શબ્દો આજે પણ પત્રસંહિતા સાચવી છે. સમયાંતરે વાંચી હર્ષ અનુભવે છે. આ પત્રો તેમનાં જીવનનું ભાથુ છે.... "વા... વાયાને વાદળ ઉમટયા... ગોકુળમાં ટહુકયા મોર... જિંદગીનાં પ્રવાસમાં પ્રેમનાં મોર ટહુકતા રહયાં.. વાદળ વરસતા રહયા.... પ્રેમ દેવો ભવ... પ્રેમ સત્ય છે. સુદર સત્યનો અંત સુંદર છે..... સમયાંતરે ભૂતકાળની ભવ્ય ધનરાશિમાં પત્રો જીવન જીવવાનું પ્રેરક બળ બની રહયાં.. વચ્ચે ઉતાવળમાં મેં પુછયું... આમાં ખોટું શું છે ? દુઃખ કયાં છે. ? દુઃખ હતું જ નહિ.... આવા નિસ્વાર્થ પ્રેમ સંબંધમાં આકાશવાણીનાં શબ્દો જે વ્યકિત આત્મસ્વરૂપ અભિજા હતી તેણે ફોન દ્વારા તિરસ્કારના શબ્દો કહયા. કોઈ ખુલાસો. સાંભળે એ પહેલા ફોન કટ કરી નાખ્યો... કેમ શા માટે ? કોઈ કાંઈ સાંભળ્યુ નહિ. ખરેખર શું સત્ય છે. તે જાણી શકાયું નહિ. પણ નીચેથી ધરતી સરકી જાય તેમ કસડાઈ પડી ગયો. વેદનાભર્યુ તીવ્ર આક્રોશ અને આધાતથી ચુર નિષ્પ્રાણ જીવન શરૂ થયુ. ઉત્સાહ, આનંદ પ્રેરણાનો દિપ એક ફુંકે હોલવી નખાયો." આધાતની આ કથા તેમની પાસેથી હું સાંભળતો રહયો. વાંચવાતું લખવાનું બધુ બંધ કર્યુ હતું. અંતરનો આનંદ આથમી ગયો અને દુઃખની રંગોળીમાં રંગ પુરતા રહયા. "મને કહે... ઉપાય બતાવ તું..." કોઈ સોલ્યુશન છે. ?

મેં કહયું હા.. છે. તું ધારે છે તે સત્ય ન પણ હોય.. કોઈ ધિકકાર.... તિરસ્કાર પછી પણ એવો જ પ્રેમ હોય. પ્રેમ સુર્ય છે. આકાશમાં વાદળા આડે આવે... પવનથી દુર જતા ફરી સુર્ય પ્રકાશવા લાગશે. આવા સુંદર જીવનને તે અન્યાય કર્યો છે. ફરી સાર્થક જીવન માટે ઉભો થા. ઈશ્વર પાસે માફી માંગ જાત સાથે અન્યાય ન કર. શ્રી કૃષ્ણ શરણમ – ગચ્છામિ નો મંત્ર જય જયા સવિચળ પ્રેમ છે. ત્યાં ઈર્ષ્યા, અદ્રેખાઈ, ખોટી સંકાભરી વાતો વગેરે ટકે નહિ. તેમનાં પત્રોમાં જે સત્ય છે. તે આજે પણ છે. આંસુ લુછી નાખ. ક્રોધ, આંસુ નિરાશા તને નુકશાન કરે છે. ઉપચાર માત્રએક પ્રાર્થના પ્રભુ પાસે શરણાગતિ મને વાત કરી મિત્રને વાત કરવાથી તમને મુકિત મળી છે. આયુષ્યની ટ્રેન પુર પાટ દોડે છે. જે પ્રેમ પ્રાપ્ત થયો છે. તે સાચો છે. **(અપૂર્ણ)**

---

# સમજણ એ જ નારાયણ

**‘‘એ સદ્નસીબ દોસ્ત ! કે મિત્રોમાં ચાહ છે, બકી તો વાહવાહ છે... ટૂંકા સમયની વાત.’’**

**– જગદીશ જોષી**

જાહેર જીવનમાં, રમત–ગમત, સિનેમા વિગેરે–દરેક ક્ષેત્રમાં એવા અનેક ચહેરાઓ જોગવા મળશે કે જેના કેરિયરની શરૂઆત ધમાકેદાર રીતથી થાય છે... પણ આગળ જતાં એ તાદાત્મ્યતા, એકાગ્રતા અને સાતત્ય ન જળવાઈ શકતાં, ખૂબ ઝડપથી ચમકેલા સિતારાઓ એટલી જ ઝડપથી ગુમનામીનાં રસ્તે ખોવાઈ પણ જતા હોય છે !




‘માણસ સફળ થઈ શકે છે, પણ કાયમ સફળ થઈ કે રહી નથી શકતો.’

ક્રિકેટમાં વિનોદ કાંબલી આ વાતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સચીન તેંડુલકરનો જ સહપાઠી, મિત્ર અને સમકાલીન એવા આ ક્રિકેટરમાં ટેલેન્ટની કોઈ કમી ન હતી. શાળા કાએ જ છસ્સોથી વધારે રનની ભાગીદારી કરવામાં કાંબલી જ સચીનનો જોડીદાર હતો.

ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ પ્રવેશ મેળ વી લગાતાર બે બેવડી સદી ફટકારી કાંબલીએ સૌને આશ્ચર્ય ચકિત કરી દીધેલા. રમતપ્રેમીઓ તેમની અંદર ભારતનું ઉજજવળ ભવિષ્ય જોવા લાગેલા.

આ જ વિનોદ કાંબલી પોતાની વાહ–વાહ પચાવી ન શકયો. રમત ઉપરથી તેનું ધ્યાન હટવા લાગ્યું. ‘પર્ફોમન્સ’ બગડતું ગયું અને શાનદાર શરૂઆત કરનાર આ ખેલાડી ટૂંકી કારકિર્દી ભોગવી કાયમ માટે ટીમથી દૂર થઈ ગયો ! સફળતા માણસ પાસે નિશ્ચિત કિંમત અને ભોગ પણ માંગે છે. સચીન તેંડુલકર, અમિતાભ બચ્ચન, લતા મંગેશકર અને બીજા અનેક લેજન્ડી કાયમ સફળતાની ટોચ ઉપર એટલા માટે ટકી રહ્યાં કારણ કે તેણે ભલે ઉંચાઈનું આકાશ આંબ્યું, પણ પગને જમીન સાથે પણ જોડી રાખ્યા. શિસ્ત, સમર્પણ અને સાતત્યની આંગળી તેમણે કયારેય છોડી નહીં !! વાહ–વાહની હવા કયારેય તેનાં મગજમાં ભરાવા ન દીસધી. તેમની જીભ નહીં પણ કાર્યો જ બોલ્યાં. દરેક ચેલેન્જ અને ટીકાનો જવાબ તેમણે વધારે બહેતર પર્ફોમન્સથી આપીને સફળતાને હસ્તગત રાખી.

**–: નવનીત :–**

**‘‘સૂર્ય, સત્ય અને શૂરાતનને સ્વયમનું તેજ હોય છે. ’’**

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૨૮

**હાઈબ્લડ પ્રેશર ભાગ-૯**


**હાઈબ્લડપ્રેશરમાં યોગ અને ધ્યાન**

યોગની બ્લડપ્રેશર પરની અસર અંગે ડો. સુંદર અને સાથીઓનો એક અભ્યાસ એકટા કાર્ડીઓલોજીકામાં પ્રસિધ્ધ થયો હતો જેમાં જાણવા મળ્યું હતુ કે, નિયમિત શવાસન કરનારા માઈલ્ડ હાઈબ્લડપ્રેશરના દર્દીઓમાં ૬૫ ટકા દર્દીઓને માત્ર શવાસન કરવાથી જ બ્લડપ્રેશર કાબુમાં રહે છે અને દવા લેવાની જરૂર નથી પડતી. જે દર્દીઓને દવાની જરૂર પડતી હોય એમને શવાસન કરવાથી ઓછી દવાએ બ્લડપ્રેશર કાબુમાં રહે છે. શવાસન છોડી દેવાથી ઘટેલું બ્લડપ્રેશર ફરી પાછું વધી જાય છે.

એપ્રિલ-૨૦૦૪ ની અમેરીકન જર્નલ ઓફ હાઈપરટેન્શનમાં એક રસપ્રદ અભ્યાસ લેખ પ્રસિધ્ધ થયો છે, જે મુજબ માત્ર શ્વાસોશ્વાસને ધીમા અને નિયમિત કરવાની કસરત હાઈબ્લડપ્રેશરના દર્દીનું બ્લડપ્રેશર ઘટાડવા માટે ઉપયોગી સાબીત થઈ છે. શ્વાસોશ્વાસને ઉંડા અને ધીમા કરવાથી ધમનીમાં આવેલ પ્રેશર માપવાના રિસેપ્ટર (બેરો રેસેપ્ટર)ની સંવેદનશીલતા વધે છે, હદયના ધબકારાઓ વચ્ચેનું અંતર સારી રીતે વધ ઘટ થાય છે(હાર્ટ રેટ વેરિએબીલીટી વધે છે), નાની ધમનીઓમાં રકતપ્રવાહ વધે છે અને ધમનીઓનો અવરોધ ઘટે છે. આ બધી ટેકનીકલ અસરોનું કુલ પરિણામ બ્લડપ્રેશર ઘટાડે છે. આ અભ્યાસમાં રોજની પંદર મિનિટના નિયંત્રિત ધીમા ઉંડા શ્વાસોશ્વાસથી ઉપરના બ્લડપ્રેશરમાં પાંચ-છ મિ.મિ. અને નીચેના બ્લડપ્રેશરમાં ત્રણથી ચાર મિ.મિ. જેટલો ઘટાડો નોંધાયો હતો.

અમેરીકાના ફુડ અનેડ્રગ એડિમનીસ્ટ્રેશને થોડા વર્ષોથી ધીમા અને નિયંત્રિત શ્વાસ લેવાની સુચના આપતી કેસેટ જેવી રચનાને બ્લડપ્રેશર ઘટાડવા માટેની દવા વગરની સારવાર તરીકે વેચવાની અમેરીકામાં છુટ આપી છે. રેસ્પિરેટ તરીકે ઓળખાતા આ સાધનની મદદથી દરરોજ પંદર મિનિટ માટે શ્વાસોશ્વાસના નિયંત્રણની પ્રેકિટસ કરવાથી આખા દિવસ દરમ્યાન બ્લડપ્રેશર પર સાઢ નિયંત્રણ મેળવી શકાય છે.

બ્લડપ્રેશરને કાબુમાં રાખવા માટેની દવા વગરની એક માત્ર યુ.એસ.એફ.ડી.એ. દ્વારા પ્રમાણિત સારવાર પપ્રધતિ તરીકે રેસ્પિરેટનું આગવું સ્થાન છે. પરંતુ આવા સાધન વાપર્યા વગર પણ સાદી ઉંડા પેટથી




શ્વાસ લેવાની નિયમિત કસરત લાભદાયી થઈ જ શકે. સુખ પ્રાણાયામ તરીકે ઓળખાતી ઉંડા ધીમા પેટથી શ્વાસ લેવાની પ્રક્રિયા પણ આવા જ પરિણામો આપી શકે.

**હાઈબ્લડપ્રેશર અને હૃદયરોગના દર્દીઓ કરી શકે એવા આસનો :-** સુર્ય નમસ્કાર, તાડાસન, કોણાસન, ઉત્કટાસન, વજાસન, ભુજંગાસન, પર્વતાસન, સિધ્ધાસન, ગોમુખાસન, પશ્ચિમોતાસન, યોગમુદ્રા, અર્ધમત્સેન્દ્રાસન, શલભાસન, ધનુરાસન,. મત્સ્યાસન, પવનમુકતાસન, ઉતાનપાદાસન, પદ્માસન આ આસનો હાઈબ્લડપ્રેશર અને હૃદયરોગના દર્દીઓ માટે ઉત્તમ છે.

હાઈબ્લડપ્રેશરના દર્દીઓએ માથું નીચે અને પગ એકદમ ઉપર રહે તેવા આસનો (દા.ત. શીર્ષાસન, સર્વાંગાસન) કરવાનું ટાળવુ જોઈએ.

**શવાસન :** જમીન પર પાથરેલ ચટાઈ ઉપર, ચતાપાટ સુઈ જાઓ.બન્ને પગને તેમની વચ્ચે આશરે એક-દોઢ ફુટનું અંતર રહે તેમ આરામદાયક સ્થિતિમાં રાખો. હથેળીની આંગળીઓ આરામદાયક સ્થિતિમાં અડધી વળેલી રહેશે. હથેળીની સપાટી આકાશ તરફ રાખો.

શાંતિપુર્વક, આરામદાયક સ્થિતિમાં સુઈ ગયા પછી વારાફરતી જુદા જુદા અવયવોને શરૂઆતમાં



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

સહેજ ખેંચાણ આપીને પછી એકદમ ઢીલા મુકી દો. સૌથી પહેલાં તમારા પગના પંજા,પગના સ્નાયુઓ અને સાથળના સ્નાયુઓ ખેંચો અને પછી એકદમ ઢીલા મુકી દો. હવે કમ્મર-બરડાના સ્નાયુઓ સહેજ ખેંચીને એકદમ ઢીલા મુકો. ત્યારબાદ છાતી અને ગરદનના સ્નાયુઓ ખેંચીને ઢીલા કરો. પછી હાથ, આંગળી અને બાવડાના સ્નાયુઓ ખેંચીને ઢીલા કરતા જાઓ. શરીરના કોઈપણ સ્નાયુ જરા પણ તણાવમાં ન રહે એમ ઢીલાઢફ મુકી દો. કોઈપણ સ્નાયુ ગુરૂત્વાકર્ષણની સામે કામ કરતા ન હોવા જોઈએ. જો કોઈ અન્ય વ્યકિત તમારો હાથ કે પગ પકડીને જરા ઉંચો કરે તો જરાય અવરોધ વગર ઉંચા થવા જોઈએ અને છોડે દે દેતો પથ્થરની માફક નીચે પડવા જોઈએ.

આ રીતે શરીરના દરેક સ્નાયુઓ શિથિલ થઈ ગયા બાદ માત્ર શ્વાસોશ્વાસની પ્રક્રિયા પુરતુ જ શરીરના સ્નાયુઓનું હલનચલન થતું દેખાશે. શરીરના બીજા કોઈ સ્નાયુઓ જરાપણ હલશે નહી, જાણે કે બાકીના બધા સ્નાયુઓ કે અવયવો અસ્તિત્વમાં જ નથી એવું અનુભવાશે. હવે તમારૂ બધુ ધ્યાન શ્વાસોશ્વાસ પર કેન્દ્રિત કરો. ઉંડા અને ધીમા શ્વાસ પેટના હલનચલન સાથે લો. શ્વાસ લો ત્યારે પેટ થોડુક ઉચકાશે અને બહાર કાઢો ત્યારે અંદર બેસશે.

શ્વાસ સાથે શરીર વાટે જરૂરી પ્રાણવાયુ, પ્રકાશ અને પ્રકૃતિના સારા તત્વો તમારા શરીરમાં પ્રવેશે છે અને ઉચ્છવાસ સાથે શરીરમાંથી બિનજરૂરી અંગારવાયુ, અંધકાર અને શરીરના નબળા વિચારો કે તત્વો બહાર નીકળે છે એમ વિચારો. નિયમિત શવાસન કરનારા માઈલ્ડ હાઈબ્લડપ્રેશરના દર્દીઓમાંથી ૬૫ ટકા દર્દીઓને માત્ર શવાસન કરવાથી જ બ્લડપ્રેશર કાબુમાં રહે છે.

**પ્રાણાયામ :-** 'પ્રાણ'ના ઘણા અર્થો થાય છે. પ્રાણાયામ એટલે પ્રાણ(શ્વાસ)નું નિયમન કરવાની પ્રક્રિયા. શ્વાસોશ્વાસ એ મન તથા શરીરને જોડતી કડી છે એવું માનવામાં આવે છે. જયારે તમારા શરીરમાં કોઈ ફેરફાર થાય ત્યારે શ્વાસોશ્વાસમાં ફેરફાર થાય છે દા.ત. શારીરિક કસરત કરવાથી શ્વાસોશ્વાસ ઝડપી બને છે.જયારે તમારા મનમાં ફેરફાર થાય ત્યારે પણ શ્વાસોશ્વાસમાં ફેરફાર થાય છે. દા.ત. જયારે તમે ચિંતામાં હો છો ત્યારે તમારો શ્વાસોશ્વાસ ઝડપી અને છીછરો થઈજાય છે.

શ્વાસોશ્વાસ તમારી જાણ બહાર સતત ચાલતી પ્રક્રિયા છે અને તે છતાં તમે એની ઉપર કાબુ રાખી શકો છો - વધારી કે ઘટાડી શકો છો. ટુંકમાં, શ્વાસોશ્વાસ પર અનિચ્છાવર્તી અને ઈચ્છાવર્તી - બંને પ્રકારના ચેતાતંત્ર અસરો કરે છે. અને એથી વિરૂધ્ધ -શ્વાસોશ્વાસ તમારા મન અને શરીર બંને ઉપર સારી કે ખરાબ અસરો કરી શકે છે. દા.ત. ઉંડા-ધીમા શ્વાસોશ્વાસ માનસિક શાંતિ આપે છે અને શરીરની ક્ષમતામાં વધારો કરે છે.

શ્વાસ લેવા માટે સૌથી અગત્યના સ્નાયુઓ પેટ અને છાતી વચ્ચે આવેલા ઉરોદરપટલ ઉર્ફે ડાયાફ્રામના સ્નાયુઓ છે. પેટ અને છાતીના અવયવોને એકબીજાથી જુદા પાડતા આ પડદાના સ્નાયુઓ જયારે સંકોચાય છે ત્યારે પેટના અવયવોને નીચે તરફ ધક્કો લાગે છે પરિણામે પેટની આગળની દિવાલ સહેજ બહાર આવે છે.

નાના બાળકોમાં ઉદરોપટલનો ઉપયોગ શ્વાસ લેવા માટે સૌથી વધુ પ્રમાણમાં થતો હોવાથી શાંતિથી સુતેલ બાળકનું પેટ દરેક શ્વાસ સાથે ઉપર ઉઠતું અને ઉચ્છવાસ સાથે નીચે જતું જણાય છે. પેટથી શ્વાસોશ્વાસ લેવાનું ફાયદાકારક છે અને તણાવમુકિત માટે આ ખુબ જ અગત્યની ટેકનિક છે. દુર્ભાગ્યે ખુબ ઓછા લોકો આ સાદી સીધી પેટથી શ્વાસ લેવાની ટેકનીક જાણે છે અને ઉપયોગ કરે છે. તમે પેટથી શ્વાસ લો છો કે છાતીથી એ જાણવા માટે સ્થિર ટટાર બેસી ડાબો હાથ પેટ ઉપર અને જમણો હાથ છાતી પર રાખો.

દરેક શ્વાસ લેવાથી ડાબો હાથ આગળ આવે તો પેટથી શ્વાસ લો છો અને જમણો ઉપર આવે તો છાતીથી શ્વાસ લો છો એવું નક્કી થાય.**(ક્રમશઃ)**

# રામકથા મંદાકિની, ચિત્રકૂટ ચિત વારૂ ।

નોટોની થેલી પોલી પૈસા ગણાવ્યા. વ્યવસ્થિત રીતે બધું જુદુ કરી હિસાબી કરતાં સવાર થઈ. પાંચ વાગ્યા હતા. ભગવાને કહયું, ''મેં થોડી દેર સે. જાતા હૂં, આપ લોગ ભી સો જાવ.'' હું નાહીને નિત્યનિયમ માટે બેઠી તો ખરી પરંતુ ઉંઘ આવી ગઈ. સવારે આઠ વાગે દર્શને જતાં બોલ્યા, 'કયોં નીંદ આ ગઈ થી ?'' નહી તો રોજ પુછતાં, ''નિયમ હો ગયા ના ?''

થોડીવાર પછી મને એકલી બોલાવી રૂમ બંધ થતાં ઠંડીમાં વાદળાને કારણે એકદમ અંધારૂ હતું. મને પદ્માસનમાં બેસાડી મારા ગળામાં પહેરેલી દોરાની કંઠી કાઢી લીધી અને બીજી કંઠી પહેરાવી. તેનું સ્હેજ વજન લાગતા જણાયું કોઈક ધાતુ છે. કંઠી તુટેલી હોવાથી સ્વહસ્તે દોરો બાંધી પહેરાવેલી. લગભગ અડધો કલાક બાદ જવાનું કહેતાં બોલ્યા, 'જયપુર જાકર એક ચાંદ્રાયણ વ્રત કર ડાલનાં.'' ''તે શું ? પુછતાં જણાવ્યું, ''તીન દિન નિર્જલ વ્રત કરના.'' દરવાજો ખોલતાં સામે એક બહેન મળ્યા. કાયસ સાથે રહેતા હોવાથી ગળામાં પ્રથમવાર આવી કંઠી જોઈ તેમણે કંઠી હાથમાં લઈ કહયું, ''ઓહો ! સોનાની કંઠી પહેરી ?'' આ સાંભળતા મેં જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે કંઠી સોનાની છે. તેમણે અંદર જઈ ભગવાન સાથે ઝઘડો કર્યો.

અતિ વિચિત્ર રઘુપતિ ચરિત, જાનહિં પરમ સુજાન,
જે મતિમંદ વિમોહવશ, હૃદય ધરહિં કછુ આન.

ઈર્ષ્યા શું નથી કરતી ? તે વખતે આ સ્વભાવથી હું અજાણ હતી. જો કે પપરેંદામાં ૧૨ તારીખે ભગવાને તે વ્યકિતનું નામ આપી મને સાવધાન કરતાં કહેલું, 'ઉસકો કુછ બતાનાં નહી.'' પછી વિરોધ વધતાં તે દિવસે રાત્રે ભગવાને બાપુજીને કહયું, ''અબ તુમ રમાકો લેકર જયપુર ચલે જાના. યહાંકા વાતાવરણ ઠીક નહીં હે'' રાત્રે પણ ભગવાને થોડી વાર મને બોલાવી.


તા.૧૮ મી સવારે ભગવાનનાં આદેશ અનુસાર જયપુર જવાની તૈયારીના કારણે બાપુજી જળ ભરીને ત્રાંબાનો લોટો તેમ જ તરભાણું લઈ આવ્યા. તે ભગવાન પાસે મુકી પ્રણામ કર્યો. ત્યારે ભગવાન બોલ્યા, ''અરે યહ રખ દો, યહ રમા કર લેગી. જાવ તુમ ઔર મનહર સાધુ રસોડેમેં થોડી મદદ કરો.'' સવારે નવ વાગવા આવેલા. ૧૧ વાગ્યાની

રામચરિત ચિતામણિ ચારૂ,
સંત સુમતિ તિય સુભગ સિંગારૂ ।

ટ્રેન હતી. જાણે કે તે દિવસે ભગવાનની જવા દેવાની ઈચ્છા નહોંતી. થોડીવાર બાદ બાપુજી, મનહરભાઈ પાછા આવ્યા, ત્યારે ભગવાને કહયુ ''અબ કયાં જાઓગે ? અબ કલ જાના.'' રૂમમાં ત્યારે ખાસ કોઈ નહોતું. હું, મનહરભાઈ, બાપુજી, પ્રમોદ તથા અન્ય એક બહેન હતા. મનહરભાઈએ બહારથી પેંડા ખરીદી લાવી ભગવાનને ધરાવેલા. ભગવાને તે પેંડા લાવ્યા. તેમાંથી થોડો ભગવાને પણ સ્વીકાર કર્યો. આ જોઈ મનહરભાઈ બોલ્યા, ''બાપુ, અમે બહારથી લાવીએ એટલે તમે ન ખાવ. આમને કેવું સારૂ હાથથી બનાવી ધરાવે એટલે તમે સ્વીકાર તો કરો.'' તો કહયું, 'અરે મનહર, ઈતને મું હસે તો મૈને તુમારા પેડા ખાયા, ફિર ભી તુમે સંતોષ નહી હે ?''

વ્યાપક એક બ્રહ્મ

# અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

અવિનાશી, સત ચેતન ઘન આનંદ રાશી, અસ પ્રભુ હૃદય અછત અવિકારી, સકલ જીવ જગ દીન દુખારી, રામ બ્રહ્મ ચિન્મય અવિનાશી, સર્વ રહિત સબ ઉર પુરાવાસી.

આ રીતે જાણે વ્યાપકતાનું દર્શન કરાવ્યું.

થોડીવાર પછી ભગવાને કહયું, 'અરે દેખો, કુછ હો તો લાવ. યે પ્રસાદીયા ભગત બિના પ્રસાદ કે નહીં જાયેગા.'' એક બહેને પેંડાનું બોકસ આપ્યું, જેમાં ત્રણ પેંડા હતા. હું ભગવાનની પાટ પાસે ઉભી હતી. બધા નીચે બેઠા હતા. ભગવાન બોલ્યા, ''યે તીન પેડા તુમ પાંચકો કૈસે પુરા હોગા ? ઠીક હે, હો જાયેગા.'' એમ કહી પાંચેયને પોતાનાં હાથે એક એક પેંડો આપ્યો. આ રીતે આનંદ કરાવતા હતા.

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



''પ્રભુ પ્રસાદ કછુ દુર્લભ નાહી....''

તે જ દિવસે ભગવાને મને કહયું, 'રમા, દેખો અબ તુમારે છઃ ભાઈ ઔર પિતાજી સાતકો છોડકર કિસી ભી પર પુરૂષકો સ્પર્શ કરો તો ઉસ દિન ઉપવાસ કરના.'' પછી હસતાં હસતાં કહયું, ''ઔર મુઝે સ્પર્શ કરો તો?'' મેં કહયુ, ''તો ભી કરૂંગી.'' કારણ આજ સુધી કયારેક કોઈ પ્રસગોંપાત દુઃખી હોઉ તો અથવા કંઈ સમજાવતાં વાત્સલ્યભર્યો હાથ માથા પર ફેરવતાં ત્યારે તે દિવસે ઉપવાસ કરવાનું કહેતાં પરંતુ આજે માથા પર ફેરવતાં ત્યારે તે દિવસે ઉપવાસ કરવાનું કહેતાં પરંતુ આજે મારો જવાબ સાંભળી હસીને બોલ્યા, ''અરે પગલી અબ કાહેકા ઉપસાવ ? અબ તો તુમ મેરી હો ના ?'' આ પ્રસંગનાં પહેલાનાં દિવસે બાપુજીને

રામ ચરિત રાકેશ કર,
સરિસ સુખદ્ર સબકાદુ ।

ભગવાને કહેલું, ''યહ મનહર તુમારા સાતવાં લડકા હૈ.'' મનહરભાઈને કહેલું, ''યહ રમા તુમારી બહન હૈ,'' તેથી આજે આ વાર્તાલાપ સાંભળતા મનહરભાઈ ભગવાન પાસે રડી પડયા. એ જોઈ પુછયુ, ''અરે મનહર, કયોં કયાં હુઆ ?'' તેમણે દુઃખનું કારણ જણાવતાં કહયું,'' ભગવાન, મારે રમાબહેનને સ્પર્શ કરવાનું કોઈ કારણ નથી. પરંતુ આપે આજે તેમને આપેલા નિયમમાં છ ભાઈઓને સ્પર્શ કરવાની છુટ આપી અને મને કેમ ન ગણ્યો ? તુરત જ કહે, ''અરે બાબા મૈં ભુલ ગયા રમા, મનહરે લિયે ભી છુટ હૈ.''

**(૨૯) કીન્હી કૃપા જાનિ જન દીના**

ગુરૂ ચરણામૃત નિર્મલ સબ પાતકહારી

તા.૧૯ ની સવારે જયપુર જવાનું નિશ્વિત હતું. ગઈ કાલે બાપુજી ચરણામૃત લેવાની ભાવનાથી આવેલા તે પુરી થયેલી નહી. આજે ફરી પુજાની તૈયારી સાથે આવી પ્રણામ કર્યા. ભગવાને કહયું, ''અચ્છા, આજ જાના હે ? ચરણામૃત લે લો.'' હું, બાપુજી તથા પ્રમોદ અંદર હતા. મનહરભાઈ અંદર આવવા દરવાજામાં પહોંચેલા. જાણે ભગવાન તેમને ચીડવતા હોય તેમ બોલ્યા, ''અરે મનહર, તુમ નહીં આના. યે તો રમાકી પુજા હૈ.'' તેઓ ત્યાં જ હાથ જોડી સ્તબ્ધ થઈ ઉભા રહી ગયા. મેં જોયુ તો સજળ નયને ઉભેલા. મેં કહયું, ''ભગવાન, ભલે આ જાયે.'' અચ્છા બાબા, રમા કહતી હૈ તો આ જાવ.'' રૂમ બંધ કરી ભગવાનની આજ્ઞાથી મેં પુજન કર્યું પરંતુ આ પણ મારા માટે નવો જ પ્રસંગ હતો. બાપુજી બતાવતા રહયા તે પ્રમાણે પ્રથમ ચરણ ધોયા અને દુરથી કંકુ, ચોખા, ચંદન ચરણ પર ચડાવ્યા.

''પાંચ પખારી ચરણોદક લીન્હે...''

ત્યારબાદ બાપુજીએ તિલક કરવા કહયું, આંગળીમાં ચંદન તો લીધુ પરંતુ તે એમ જ રહી ગયું અને વિચારમાં પડી કે શી રીતે કરૂં ?

રામકથાકી મિતિ જગ નાહી, અસિ પ્રતીતિ જિનકે મનમાહી ।

કારણ આજ સુધી સામેથી સ્પર્શ કરવાનો પ્રસંગ બનેલ નહી. ભગવાન આ બધુ મંદ હાસ્ય સાથે જોતા હતા. જો કે હવે તો ભગવાને સ્પર્શ માટેની અનુમતિ આપેલી છતાં આટલા વર્ષોથી દુર રહેવાની આદત પ્રમાણે મન સંકોચાયું. બાપુજી હંમેશા ભગવાનથી દુર રહેવાની સૂચના આપતા. છેવટે ભગવાને જ કહયું, 'તિલક કર દો. અબ સંકોચ કર્યો ?'' ચંદન, કુમકુમ, ચોખાથી તિલક કર્યુ. પુષ્પ ન હોવાથી ભાવપુષ્પો જ અર્પણ કરવાનાં હતા.

ગુરૂપદ પંકજ પુજતાં, ચૌદ લોક પુજાય,
શિવ વિરંચિને શારદા, ગુરૂ તણાં યશ ગાય.

આરતીની સગવડ નહોતી. પુજા પુરી થતાં પ્રણામ કરી ઉઠતાં ભગવાને મારા કપાળમાં ચાંદલો કરી સેંથામાં કુમકુમ પુર્યુ. મનહરભાઈ આ બધુ જોઈ તાળી પાડતાં ખુબ જ ખુશ થયાં.

રામ દેખિ સુનિ ચરિત તુમ્હારે, જડ મોહહિ બુધ હોહિ સુખારે

પછી ભગવાને મારી પાસે શીતોફલાદિ માંગ્યુ. દવાની પેટીમાંથી તેમનાં કહયા પ્રમાણે એક નાની કાચની વાટકીમાં શીતોફલાદિ ચૂર્ણ પર મધ આપ્યું, ભગવાનના હાથમાં વાટકી આપતાં મને એમ કે ભેગુ કરી આપું જેથી આંગળીથી ઘોળવા લાગી. ભગવાને કહયું, ''ઈશ્વર આવ. તુમને અંગુલી કયોં બિગાડી ? મેં સ્વંય ઘોલ લેતા. મને એમ કે આંગળી વાટકીનાં કાંઠાથી લૂઈ નાંખીશ. એટલામાં તો ભગવાન મારી આંગળી પકડી ચાટી ગયા. ફરી આ જોઈ મનહરભાઈ ખુશી વ્યકત કરતાં બોલ્યા, ''પ્રભુ એક જીવ પર તમારી કેટલી કૃપા !!! તમે રમાબહેન પર બહુ જ કૃપા કરી છે.'' પછી બાપુજીએ પુછયું, 'આપને યહ જો સોનેકી કંઠી દી વહ કહાંસે આઈ ?'' જવાબ આપ્યો. ''ઈસીકી પુર્વકી મેરે પાસ પડી થી.'' જો કે દેખાવામાં પણ એકદમ જુની ઘસાયેલી અને કડી તુટેલી હતી. આગળ પુછયું, 'અબ રમા કો ખાને પીને ઔર કપડેકી બાબતમેં કોઈ વિશેષ નિયમ પર ધ્યાન દેનેકા - હૈ ?'' ભગવાને કહયું, ''નહી સમય સમય પર જો મિલ જાય ખા લેના, જો મિલ જાય પહન લેના, દેખો રમા, પાંચસો કી સાડી મિલે તો વાહ વાહ ઔર પચીસકી મિલે તો વાહ વાહ ! ખુબ ભજન કરના ઔર ધ્યાન બઢાના, શરીર સ્વાસ્થયકે લિયે આસન ભી કરતે રહના.'' તે વખતે હું સુર્યનમસ્કાર પશ્વિમોતાન, હલાસન વિગેરે **(ક્રમશઃ)**

# સમજણ સાથે આવેલી સ્વતંત્રતા પ્રગતિ તરફ લઈ જશે, જયારે સ્વચ્છંદતા દુર્ગતિ નોતરશે : સ્વતંત્ર બનીએ સ્વચ્છંદ નહિ

## ઉકેલની ઔષધિ

## અનુભૂતિનાં અક્ષરો

**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



સ્વતંત્રતા શબ્દ તો આજકાલ આપણે સૌ સાંભળીએ છીએ. અને એના વિશે એટલું બધું વાંચવા, સાંભળવા કે જાણવા મળે છે કે, આજે દરેક વ્યક્તિ પોતાના સ્વાતંત્ર્ય માટે સભાન છે. બાળકથી લઈને મોટા સુધી દરેકને પોતાની સ્વતંત્રતા વિશે સમજ છે. અને તે મેળવવા પ્રયાસ પણ કરે છે. જેમાં જરા પણ અયોગ્ય નથી જ. દરેક વ્યક્તિને તેનું વ્યક્તિસ્વાતંત્ર્ય મળવું જ જોઈએ. કોઈપણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ જીવી શકે એટલી સ્વતંત્રતા હોવી જ જોઈએ. પણ આ પોતાને 'ગમે તે રીતે' જીવવાનું વલણ જયારે'ગમ્મે તે રીતે' જીવવાના અભિગમમાં પરિવર્તીત થાય ત્યારે જોખમી બને છે. 'સ્વતંત્રતા' અને 'સ્વચ્છંદતા' આ બંને શબ્દો અને વિચારમાં બહુ પાતળી ભેદરેખા છે. જો તેને સમજવામાં ન આવે તો તે હાનિકારક સાબિત થાય છે. સ્વતંત્રતા એટલે માત્ર મોજ શોખ કરવા, રખડવા કે મન ફાવે તેમ કરવાની વૃત્તિ નહીં, પરંતુ વિચારોની વિશાળતા હોવી જોઈએ. સ્વતંત્ર થવું એટલે કોઈ દુરાગ્રહ, પૂર્વગ્રહ કે વિગ્રહ વગર કોઈ વાતને મુક્ત દ્રષ્ટિકોણથી જોવી વિચારવી અને મુલવવી.ખુલ્લા મનથી સત્યને સ્વીકારવું.

પરંતુ આપણે ત્યાં કદાચ સ્વતંત્રતાને વસ્ત્ર પરિધાન, સ્ટાઈલ સ્ટેટમેન્ટ, કે બોલચાલ અને રહેણીકેણી સાથે સંયુક્ત કરી દેવામાં આવ્યું છે. અને એ જ પરીપ્રેક્ષામાં જોવાય છે. પોતાને સ્વતંત્ર કહેનાર કેટલાય લોકો ઘણી વખત ઈકોનોમિકલી ઈન્ડિપેન્ડન્ટ હોવા છતાંય ઈમોશનલી કે સોશિયલી પર તંત્ર હોય છે.

સ્વતંત્રતા એ અધિકારની સાથે એક જવાબદારી પણ છે. 'જોઆપણે આપણી જાતને સ્વતંત્ર રાખતા હોઈએ કે રાખવા ઈચ્છતા હોઈએ તો એટલી જ કાળજી આપણને અન્યની સ્વતંત્રતાની પણ હોવી જોઈએ 'વળી, આ સ્વતંત્રતા પણ કયાં ? કેટલી ? અને કયારે ? લેવી એનો વિવેક અને સમજણ પણ કેળવવા જ પડે. નહીં તો, એ જ સ્વતંત્રતાનું પ્રમાણ જરા 'અતિ' થાય તો તે સ્વચ્છંદતામાં પરિણમે છે. અને સ્વચ્છંદતાનું પરિણામ સર્વનાશમાં.

વાત આજની કરીએ તો આજકાલના માતા - પિતા દ્વારા બાળકોને જુદી જુદી રીતે અપાતી સ્વતંત્રતા કે છૂટછાટ આપતી વખતે સમજ આપવી પણ એટલી જ જરૂરી છે. સ્વતંત્રતા સાથેની જવાબદારીઓ સમજાવવી પણ જરૂરી છે. જેથી બાળક 'સ્વતંત્ર' બને પણ 'સ્વચ્છંદ' નહીં કેમકે આજનું બાળક એ આપણી આવતીકાલ છે. ત્યારે જો એના મૂળમાં કયાંક ક્ષતિ રહી જશે તો પાછળથી સુધારો નહીં થાય. બાળક હોય કે પરિપકવ વ્યક્થિ દરેક પોતાની સ્વતંત્રતા પ્રત્યે સભાન રહેવું જેટલું આવશ્યક છે, એટલું જ આવશ્યક આપણે મેળવેલી સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ના પરિણમે એ બાબતે સભાન રહેવું.

વળી, સ્વતંત્રતા વિચારોની હશે તો આપણને ઉન્નતિ તરફ લઈ જશે. આપણે મેળવેલી સ્વતંત્રતા વિકાસનું પગથિયું કે કારણ બને, આપણા પરિવાર, સમાજ કે દેશના હિતમાં એ જવાબદારી આપણી છે. પરંતુજયારે આપણે માની કે ધારેલ લીધેલી કોઈપણ જાતની વાણી, વર્તન, વ્યવહાર, વસ્ત્રો કે વિચારોની સ્વતંત્રતાથી કોઈ પણ વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ કે રાષ્ટ્રને હાનિ થતી હોય, ત્યારે તે સ્વતંત્રતા નહીં સ્વચ્છંદતા જ ગણાય. જેથી આ વાતનો આપણે સૌ ખ્યાલ રાખીએ અને આપણા બાળકોને 'સ્વતંત્રતા' અને 'સ્વચ્છંદતા' વચ્ચેનો ભેદ સમજાવીએ કારણ કે,'સમય પહેલા કે, સમજ વગર મળી ગયેલી કોઈ પણ સુવિધા, સમૃદ્ધિ કે સ્વતંત્રતા આખરે વિનાશ નોતરે છે'


દાખલા તરીકે,

'બાળકને વાહનની સુવિધા આપતા પહેલા એને કેમ ? કેવી રીતે ? કેટલી સ્પીડે ? ચલાવાય તેની સમજણ આપજો. જો એ સમજને વિવેક ન જળવાઈ તો તેના શું પરિણામ આવે ? એનું ભાન પણ કરાવજો' પોતાની જિંદગી જેટલું જ મહત્વ દરેક જિંદગીનું છે. એ સત્ય સમજાવી અને બરાબર સમજી ગયા ની ખાતરી થાય પછી એને એ વાહન ચલાવવાની સ્વતંત્રતા આપશો તો એનો વેગ કયારેય નહીં વધે. એને આપેલી સ્વતંત્રતા સાથે વાહન સાથે પોતે સમયસર પાછા ફરે એવી જવાબદારી રાખવાની કેળવણી આપજો.વળી વાહનને ચલાવતી વખતે તારી પોતાની, તારી સાથે બેઠેલા દરેક વ્યક્તિની, તેમજ રસ્તા પરથી તારા વાહનની આસપાસથી પસાર થતા દરેક જીવનની જવાબદારી તારી બનશે.એટલે નિભાવવાની તૈયારી રાખવાની સમજ આપી,વાહનની સુવિધા અને સ્વતંત્રતા આપશો તો કદાચએ પોતાનો વિવેક નહીં ચૂકે'

જોકે આ તો માત્ર એક ઉદાહરણ હતું. પણ આમ દરેક વખતે સ્વતંત્રતાને જવાબદારી માની સ્વીકારીશું, તેનો વિવેકયુક્થ ઉપયોગ કરીશું, તો કેટલી વિપરીત પરિસ્થિતિ અને ટાળી શકાશે. સ્વચ્છંદી બનતા અટકી જઈશું. અને વિકાસની દિશામાં આગળ વધી શકાશે. 'સ્વતંત્રતા' મારો, તમારો, આપણો સૌનો વ્યક્તિગત અધિકાર છે. પણ મારી સ્વતંત્રતા કોઈ અન્યની વિપત્તિ ના બનવી જોઈએ. એ ખ્યાલ રાખવો જ પડે. 'મારી સ્વતંત્રતા મારો અધિકાર છે પણ કોઈ અન્યની કોઈપણ જાતની સ્વતંત્રતા છીનવવાનો મને કોઈ અધિકાર નથી' એ સમજણ આપણા મૂળમાં રોપાઈ જવી જોઈએ. તો આપણે સૌ ખરા અર્થમા સ્વતંત્ર બનીએ સ્વચ્છંદ નહી.

આપણે સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનો ભેદ સમજી લઈએ, જેથી આપણે સદા સભાન પણે આપણા અધિકારને ભોગવીએ. તો ચાલો આપણે સૌ નક્કી કરીએ કે આપણે આપણી સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં પરિવર્તિત નહીં જ થવા દઈએ.અને આપણી સ્વતંત્રતાને આપણે પૂરેપૂરી જવાબદારી સાથે ભોગવીશું. આપણી સ્વતંત્રતા અન્ય કોઈ માટે હાનિકારક ન થાય એ વિવેક જાળવવાની પૂરેપૂરી જવાબદારી આપણી છે. જે માટે આપણે કાયમ સજાગ રહીશું.

# અધિક માસની અમૃતધારા



## વર વગરની વહુની વાર્તા - સંકીર્તન


ખાવા પીવાની, પહેરવા - ઓઢવાની ચીજ છે. ખાજો-પીજો, પહેરજો-ઓઢજો પણ સાતમો ઓરડો ખોલશો નહિ.

વહુએ તો ચાવીઓ લઈ લીધી. પહેલો ઓરડો ખોલ્યો. એમાં મેવા-મીઠાઈ હતાં, બીજામાં હીરનાં ચીર, ત્રીજામાં હીરા-માણેક, એમ છ ઓરડા જોઈ લીધા. પછી સાસુની શિખામણ ભૂલીને સાતમો ઓરડો ખોલ્યો તો અંદર એક દિવ્ય પુરૂષ બેઠો બેઠો પોથી વાંચે છે. દેવતાઈ રૂપ છે. વહુને જોતાં જ એક પુરૂષ બોલ્યો : 'ઉઘાડયાં છે એવા જ બારણાં બંધ કરો. મારાં માતા-પિતાનું વ્રત તૂટશે. મારો પાઠ અધુરો રહેશે. વ્રત પૂર્ણ થયે હું તમારી સાથે ચોથો ફેરો ફરીશ.

વહુની આંખમાં હરખનાં આંસું આવી ગયાં. પોતે સાતમો ઓરડો ઉઘાડયો છે. એ વ.ત સાસુને ન કરી. એમ કરતાં પુરૂષોત્મ માસ પુર્ણ થયો. વહુએ સાસુને કહયું કે 'હવે તમારી દિકરાને બોલાવો એટલે મારા અધુરા લગ્ન પુર્ણ થાય.''

બ્રાહ્મણ-બ્રાહ્મણી મુંઝાયાં. દિકરો તો હતો નહિ. લાવવો કયાંથી ? બંને ઝેર ઘોળવાનો વિચાર કરતાં હતા ત્યાં જ વહુએ જઈને સાતમો ઓરડો ખોલ્યો એન પતિને સાદ દીધો. સાદ દેતાં જ એક દિવ્ય પુરૂષ બહાર આવ્યો. બ્રાહ્મણ-બ્રાહ્મણી તો ફાટી આંખે તાકી રહયા. એ સ્વયં પુરૂષોતમ પ્રભુ હતા. જે પોતાનાં ભકત આ વૃદ્ધ બ્રાહ્મણ દંપતિની લાજ રાખવા ખુદ પધાર્યા હતા. પ્રભુએ ચોથો ફેરો પુર્ણ કીર મા-બાપનાં આશીર્વાદ માંગ્યા ત્યારે બ્રાહ્મણ-બ્રાહ્મણીની આંખો વરસી પડી.
વહુ દીકરા સાથે સુખેથી જીવન વીતાવી બ્રાહ્મણ બ્રાહ્મણી અંતકાળે વૈકુંઠ પામ્યા.
હે પુરૂષોતમરાય ! તમે જેવા બ્રાહ્મણ - બ્રાહ્મણીને ફળ્યા એવા સૌને ફળજો.
હવે પરમ પ્રભુ શ્રીકૃષ્ણ (પુરૂષોતમ) ભગવાનનું સંકીર્તન કરીએ.**(ક્રમશઃ)**

**સંપાદક : મહેન્દ્ર જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી**



# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ–વિદ્યાસભામાં સાહિત્ય સ્પર્ધા યોજાઈ













ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત, શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા અને શ્રીમતિ ચંપાબેન વસંતોભાઈ ગજેરા સ્કૂલ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમનાં સંયુકત ઉપક્રમે તારીખ ૨૯/૦૭/૨૦૨૩ને શનિવારનાં રોજ વિદ્યાસભાનાં સાંસ્કૃતિક હોલમાં સાહિત્ય સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થીસ ૧૨નાં ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં મા સરસ્વતીની શ્લોકથી સ્તુતિ કરી અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે દિપપ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, સંગીત સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, જનરલ નોલેજ કવીઝ, લોકગીત, ચિત્ર સ્પર્ધા, લોકવાર્તા, કાવ્યગાન, શ્લોક સ્પર્ધા વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓને બહાર લાવવા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીકાળ દરમિયાન ભણાવેલ યાદગીરી રહે તેવું અને શાળાકીય સ્પર્ધામાંથી કલાકુંભમાં ભાગ લઈ રાજય અને રાષ્ટ્રકક્ષાએ સન્માનિત થાય તે માટે સ્ટેજ પુરૂ પાડયું હતું. વિદ્યાસભા સ્કૂલ વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમોથી વિદ્યાર્થીઓની આંતરિક શકિત અને કલાઓને બહાર લાવવા અને ખિલવવા હર હંમેશા પ્રયત્નો કરે છે. તેથી આવું વિવિધ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. તેથી આવું વિવિધ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડવા માટે મંત્રી ચતુરભાઈ ખુંટ, ગોવિંદભાઈ ગોંડલીયા, ડાયાભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલીયા તથા એમ.કે. સાવલીયા ઉપસ્થિત રહ્યાં હતા.આ કાર્યક્રમનો હેતુ બાળકોમાં સ્ટેજફિયર દૂર થાય અને પોતાની પ્રતિભા ખિલવવાનું માધ્યમ મળે તેવો છે. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપી તેમની કલાઓને બિરદાવવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા કોર્ડીનેટરો, આચાર્યો તથા સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી. ખુબ ઉત્સાહપ્રેરક વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ તથા ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ સ્પર્ધામાં ભાગ લેનાર, તમામ સ્પર્ધકોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં.

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદનાં સરકારી દવાખાનામાં

તબીબો પણ લાચાર દર્દીઓને આઈડ્રોપ વગર સારવાર કઈ રીતે આપવી જાફરાબાદ શહેર તેમજ આજુબાજુના ગામોમાંથી આવતા ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓ મોંઘાદાટ આઈડ્રોપ ખરીદવા મજબૂર જાફરાબાદ આંખ આવવી એટલે કે કન્જેક્ટિવાઈટિસ બીમારી વકરી રહી છે. સરકારી દવાખાના સહિત ખાનગી દવાખાનામાં આંખના દર્દીઓ આંખ આવવાની બીમારીથી પીડાય રહ્યા છે. ઝડપથી ફેલાઈ રહેલા કન્જેકિટવાઈટિસ ચેપને કારણે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.ગરીબ અને જરૂરીયાતમંદ લોકો માટે કન્જેકિટવાઈટિસ રોગ ખચાળ સાબિત થઈ રહ્યોં છે. સરકારી હોસ્પિટલમાં આંખના દર્દીઓ સારવાર માટે ઉમટી રહ્યા છે.પરંતુ સરકારી દવાખાનામાં આઈડ્રોપનો જથ્થો ઘણા સમયથી ન હોવાથી લોકો વિલા મોઢે પરત ફરવું પડી રહ્યું છે.બજારમાંથી આંખના ટીપાં ૧૦૦થી ૧૫૦ રૂપિયા ખર્ચીને ગરીબ દર્દીઓ આઈડ્રોપ લેવા મજબૂર બન્યા છે.સરકારી દવાખાના આઈડ્રોપનો જથ્થો ખૂટી જતાં ગરીબ અને જરૂરીયાતમંદ લોકોમાં ભારે રોષ ફેલાયો છે. કન્જેકિટવાઈટિસ ચેપની સારવાર માટે જરૂરી એન્ટિબાયો ટિકસ આઈડ્રોપ સરકારી દવાખાનામાં ખૂટી જવાથી લોકો દ્વારા બજારમાં થી આઈડ્રોપ માટે દર્દીઓ એ રૂપિયા ૧૦૦થી૧૫૦ ખર્ચ કરી મેળવવા પડી રહ્યા હોવાથી લાલ આંખે રડી રહ્યા છે.જયારે રાજય સરકારે એડવાઈઝરી બહાર પાડી છે.જેમાં સરકારે જણાવ્યું છે કે કન્જેકિટવાઈટિસથી ગભરાવાની જરૂર નથી પણ આંખોની સમયસર સારવાર અને વધુના ફેલાય તે માટે સાવચેતી સાથે સ્વચ્છતા રાખવી ખુબ જરૂરી છે. પરંતુ વાસ્તવિકતા અલગ છે. આંખ લાલ સામે દવાનો જથ્થો તો હોવો જોઈએ જીલ્લા આરોગ્ય તંત્ર

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયાનાં ગોઢાવદર ગામે

નાસી ગયેલ. આ અંગે અશોકભાઈએ અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ લીલીયા પોલીસ સ્ટેશનમાં, ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૪, ૪૪૭, ૧૨૦ બી, ૩૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ પ્રકારના ગંભીર અનડીટેકટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઈકાલ તા. ૨૮નાં રોજ લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન લીલીયા, પુંજાપાદર ચોકડી પાસેથી આરોપી મહેશ બનસિંહ બામનીયા તથા તુફાન કનસિંહ નિનામા, રહે. બન્ને ગુંગણીદેવ, (મધ્યપ્રદેશ)વાળા બે ઈસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, મજકુર ઈસમોની પાસેથી શંકાસ્પદ મોબાઈલ ફોન મળી આવતા મજકુર ઈસમોની સઘન પુછપરછ કરતા ઉપરોકત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીઓ તથા મળી આવેલ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૭,૦૦૦ તથા બીજો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૦,૦૦૦ તથા ત્રીજો એન્ડ્રોઈલ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૨૨,૦૦૦નો મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકત મુજબ આજથી આશરે પાંચેક મહિના પહેલા પકડાયેલ બન્ને આરોપીઓ તથા સહ આરોપી રાજુ ગમુડાભાઈ એમ ત્રણેય ગોઢાવદર સીમ વિસ્તારમાં ખેત મજુરી કામ કરતા હોય, તે દરમિયાન ત્રણેય આરોપીઓ સાથે મળી ચોરી કરવાનો પ્લાન બનાવી, મોઢે રૂમાલ બાંધી, હાથમાં લાકડાના ધોકા લઈ ચોરી કરવા નિકળેલ અને ગોઢાવદર ગામની સીમમાં એક વાડીમાં ચોરી કરવા જતા ત્યાં એક ભાઈ ઘઉંમાં પાણી વાળતા હોય, તે ભાઈએ ત્રણેય ઉપર બેટરી કરતા, આ ત્રણેય આરોપીઓએ તેમની પાસેના લાકડાના ધોકા વડે આ ભાઈને ધોકા વડે આડેધડ માર મારી તેના ખીસ્સામાંથી રોકડા રૂા. ૧૭૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની લુંટ કરી ભાગી ગયેલ હોવાની હકિકત જણાવેલ છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** (વણીક) ૠષિકુમાર મુકુંદરાય મહેતાનાં માતૃરી અને રસિકભાઈ છોટાલાલ મહેતાનાં ભાભુ અને પ્રશાંત, માધવ, બંસી,ધર્મ અને મંત્રનાં દાદીમાં જસવંતીબેન મુકુંદરાય મહેતા (ઉ.વ. ૮૫) નું દુઃખદ અવસાન તા. ૨૭/૭/૨૦૨૩ ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા.૩૧/૭/૨૦૨૩ને સોમવારે રાજગોર બોર્ડિંગ સાવરકુંડલા મુકામે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર :– દુર્લભજીભાઈ મનજીભાઈ દેસાઈ રે. લાઠી રોડ, હોટલ ઢેબરાની બાજુમાં પ્રગતિનગર, અમરેલી. તા.જિ. અમરેલી.

અમો અમારા સ્વતંત્ર કબજા ભોગવટાની જમીન ખાતા નંબર ૫૬૧ સર્વે નંબર ૧૫૫ પૈકી ૨, હે. ૧–૫૨–૭૭ થી ધરાવીએ છીએ. અને તે હાલ અમારા સ્વતંત્ર કબજા ભોગવટામાં છે. અને તેમાં કોઈનો લાગભાગ– કે હકક હિસ્સો નથી કે તેનો વહીવટ કે નિકાલ કરવાની સત્તા અમોએ કોઈને આપેલ નથી. પરંતુ અમોના જાણમાં આવેલ છે કે, સદરહું જમીનનો અન્ય હિતશત્રુ વ્યકિતએ નિકાલ કરવાનો પ્રયત્ન કરી રહયા છે. સબબ આ જાહેર નોટિસથી જાહેર જનતાને જણાવવાનું કે, અમરેલીમાં જમીન ખાતા નંબર ૫૬૧ સર્વે નંબર ૧૫૫/પૈકી ૨ હે. ૧–૫૨–૭૭ આરે. ચો.મી. જમીન અમોની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની છે. અને તેનો તમામ વહીવટ કરવાની અમોને એકમાત્રને સત્તા છે. તેથી સદરહું જમીન બાબતે કોઈપણ પ્રકારે લે વેચ, તબદીલ, ગીરો કે અન્ય કોઈ વહીવટ કરવો નહીં. અને તેમ છતાં જો કોઈ તેવી કાર્યવાહી કરશે તો તે અમોને બંધનકર્તા રહેશે નહીં. તેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સહી
દુર્લભજીભાઈ મનજીભાઈ દેસાઈ

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલાનાં

આ કાર્યક્રમની અંદર કુંડલાનાં ધારાસભ્ય કસવાલાએ પોતાના પ્રવચનમાં જે અમુક વિવાદીત ટિપ્પણી કરી છે જેનાથી સમગ્ર સાવરકુંડલા જ નહિ પણ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં મુસ્લિમ સમુદાયને ખૂબ જ આઘાત લાગ્યો છે. ધારાસભ્યએ પોતાના પ્રવચનમાં એવું જણાવ્યું કે સાવરકુંડલામાં છેલ્લા ૨૦ વર્ષથી જે શાસન કરે છે(એટલે કે છેલ્લા ૨૦ વર્ષથી સાંસદ તરીકે ભારતીય જનતા પાર્ટીના નારણભાઈ કાછડીયા છે. આ ઉપરાંત વચ્ચેની એક ટર્મ બાદ કરતા ધારાસભ્ય તરીકે ભાજપના જ પ્રતિનિધિઓ હતા.) તેની સૌથી મોટી રાજકીય નિષ્ફળતા છે કે મહુવા રોડ ઉપર સાવરકુંડલામાં જે સંકુલ ઉભુ થઈ શકયું, તે ખરેખર તો શિક્ષણ માટે નથી પણ આંતકવાદ બનાવવાની ફેકટરી છે(આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ લક્ષ્ય ટીવી ચેનલ ઉપર થઈ રહ્યું હતું) આ સીધું નિશાન સાંસદ કાછડીયા તરફ હતું અને કારણ કે સાંસદ કાછડીયાએ આ મહુવારોડ ઉપર આવેલ સુન્ની મુસ્લિમ સંપ્રદાયનું જે શૈક્ષણિક સંકુલ છે તેને માટે ખૂબ જ મહેનત કરી હતી અને તેને જમીન અપાવવામાં, જમીનની બિન ખેતી કરવામાં, તમામ શાળાઓ કોલેજ એની માન્યતા મેળવવામાં અને અવારનવાર તેઓ આ સંકુલની મુલાકાત લેતાં હોય છે. પીવાનાં પાણી માટે નર્મદાની પાઈપ લાઈનમાંથી કનેકશન અપાવવું. માટે આ સીધે સીધું નિશાન ધારાસભ્યનું પોતાના જ પક્ષના સાંસદ ઉપર હતું. ત્યારે ત્યાં હાજર સાંસદ પણ એકદમ શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયા. શું કરવું, શું બોલવું, બેઠું રહેવું કે સ્ટેજ છોડી જતા રહેવું એ વિચાર પડી એને હવે આ વિવાદિત બયાન પછી સાવરકુંડલાનાં એક પ્રતિષ્ઠિત અને જેવો મીડિયા ક્ષેત્રે સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન ધરાવે છે એવા મુસ્લીમ સુશિક્ષીત યુવા દિલીપ જીરૂકા પત્રકાર છે. તેઓએ જણાવ્યું કે, સમગ્ર મુસ્લિમ સંપ્રદાયને આઘાત લાગ્યો છે કે, જે સંકુલ તમામ માટે ખુલ્લું છે કોઈપણ વ્યકિત કયારેય પણ આ સંકુલની અંદર મુલાકાત લઈ શકે છે અને વધુમાં તેમણે જણાવ્યું કે આ સંકુલમાં ૧૮૦ જેટલા હિન્દુ પરિવારના બાળકો પણ ભણે છે અને આ ઉપરાંત આ શૈક્ષણિક સંકુલમાં જે એસ.એમ.જી.કે.તરીકે ઓળખાય છે તેમાં મોટાભાગનો શૈક્ષણિક સ્ટાફ હિન્દુ છે અને સતાધારનાં વર્તમાન મહંત પૂજય શ્રી વિજય બાપુએ આ શૈક્ષણિક સંકુલમાં અવારનવાર મુલાકાત લઈ લાખો રૂપિયા દાન પણ આપેલું છે. આ ઉપરાંત સાવરકુંડલા માનવ મંદિરનાં મહંત શ્રી ભકિતરામ બાપુ પણ પ્રસંગોપાત હાજરી આપતા રહ્યાં છે અને સંકુલની એકે એક પ્રવૃત્તિથી વાકેફ છે. આ ઉપરાંત દર વર્ષે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર દિવસ અને ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ કોઈપણ જાહેર ક્ષેત્રની સેવા કરતી વ્યકિતના હાથે ધ્વજવંદન કરવામાં આવે છે. આ દેશ પ્રેમના કાર્યક્રમમાં આ સંકુલનાં તમામ વિદ્યાર્થીઓ દેશભકિતનાં કાર્યક્રમો પણ રજૂ કરે છે. આવા જ એક કાર્યક્રમમાં ધ્વજવંદન નિમિત્તે સમગ્ર પાટીદાર સમાજનાં આદરણીય ખોડલધામનાં કર્તાહર્તા નરેશ પટેલનાં હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. ત્યારે દુઃખ થાય છે કે જે વ્યકિત લાખો નાગરિકોનાં પ્રતિનિધિ હોય તે તમામ જ્ઞાતિ, ધર્મ, કોમ સંપ્રદાયનાં પ્રતિનિધિ હોય છે. માત્ર કોઈ એક જ્ઞાતિ કે સંપ્રદાયના પ્રતિનિધિ હોતા નથી આ વિવાદિત નિવેદન પછી મુસ્લિમ સમુદાયના આગેવાનોએ ધારાસભ્યને રૂબરૂ ફોનથી મળી તેમને આવી કાલ્પનિક માહિતી કેવી રીતે મળી તે જાણવાની કોશિશ કરી હતી અને વિનંતી કરી હતી કે આપ ગમે ત્યારે કોઈપણ સમયે આ એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલની મુલાકાત લઈ શકો છો અને આપ પોતે જ પોતાની નજરે આ સંકુલની એક એક ખૂણે ખૂણાની તપાસ કરી સત્ય હકીકત અને વાસ્તવિકતા જાણી શકો છો. ખરેખર તો આ શૈક્ષણિક સંકુલનો મૂળભૂત હેતુ પીરે તરીકત સરકાર દાદા બાપુ સૈયદની એવી નેમ સાથે શરૂ કરવામાં આવેલ છે કે આ સંકુલ હિંદુ મુસ્લિમ એકતાનું ક્રાંતિકારી પ્રતિક તરીકે સ્થાપિત થાય અને એ જ માટે હર હંમેશ દાદા બાપુ દ્વારા તમામ સંપ્રદાયના અને તમામ ધર્મના અને તમામ જ્ઞાતિના અને તમામ રાજકીય પક્ષનાં આગેવાનોને અવારનવાર આ સંકુલની મુલાકાત લેવા આગ્રહ કરતા રહ્યા છે. અરે આ વિશાળ સંકુલના મેદાનમાં મોટાભાગના અસંખ્ય વૃક્ષોનું વાવેતર મુસ્લિમ સિવાયના આગેવાનો દ્વારા કરવામાં આવેલ છે. આ ઊપરાંત રાજય કક્ષાની, જિલ્લા કક્ષાની અને તાલુકા લેવલની અસંખ્ય વિવિધ હરીફાઈઓ જે સરકાર દ્વારા સંચાલીત હોય છે. તે આ સંકુલમાં જ યોજાય છે.

### જવાબદાર અધિકારી યોગ્ય રીતે ફરજ બજાવે

# ઉનાનાં એસ.ટી. ડેપોનાં આરામગૃહમાં પાણીનો નળ તૂટી જતાં સ્ટાફ મુશ્કેલીમાં

### વિભાગીય નિયામકે જરૂરી માર્ગદર્શન આપવું પડશે

ઉના, તા. ૨૯

ઉનાના એસટી બસ સ્ટેશનમાં આવેલ ડ્રાઈવર કંડકટરના આરામ ગૃહના બાથરૂમમાં પાણીની લાઈનનો નળ તૂટી ગયેલ હોય જેને કારણે ડ્રાઈવર કંડકટરને આરામ કરવાના રૂમમાં પાણી ભરાઈ ગયા હતા. ત્યારે લાંબા રૂટની બસો ચલાવી ડ્રાઈવર તેમજ કંડકટરો આરામ કરવા માટે આરામ ગૃહમાં આવતા હોય છે. ત્યારે આરામ ગૃહના રૂમમાં પાણી ભરાઈ જતા ડ્રાઈવર કંડકટરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

ઉનાના એસટી બસ સ્ટેશનમાં આવેલ આરામ ગૃહમાં પાણીનો નળ તૂટી ગયેલ હોય જેને કારણે કલાકો સુધી પાણીનો વેડફાડ થયો હતો અને ડ્રાઈવર કંડકટરને આરામ કરવાના રૂમમાં પાણી ભરાઈ ગયા હતા અને નિંદ્રાદિન બનેલા એસટી ડેપોના કર્મચારીઓને કોઈ ફરક ન પડતો હોય તેમ કલાકો સુધી પાણીના નળને રીપેરીંગ કરવાની કોઈએ તસ્દી પણ લીધી ન હતી.

એસટી બસના આરામ ગૃહના બાથરૂમમાં નળ તૂટી જતા ઝરણાની જેમ વહેતું પાણી એ મનુષ્ય માટે ઉપયોગી થનાર કિંમતી પાણી છે. જે એસટી વિભાગની નિષ્ક્રિયતા અને બેદરકારીને કારણે આરામ ગૃહના રૂમમાં ભરાઈ ગયું. ગ્રામ્ય વિસ્તાર માટે બે બેડા પાણી લેવા માટે કિલોમીટર સુધી પગપાળા જતા હોય છે તો બીજી તરફ ઉનાના એસટી બસ સ્ટેશનમાં ચિત્ર ઉલટું ઉપસી આવ્યું હોય તેમ સરેઆમ કલાકો સુધી પાણીનો વ્યય થતો જોવા મળી રહ્યો હતો.





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પાના ૮ ઉપરનું ચાલું પૂર્વ ધારાસભ્યનો આક્ષેપ

૧૦ વર્ષ ધારાસભ્ય તરીકે કાળુભાઈ વિરાણી તેમજ ૫ વર્ષ ધારાસભ્ય અને મંત્રી તરીકે સ્વ. વી.વી. વઘાસીયા અને છેલ્લા ૫ વર્ષ અમોએ પણ ધારાસભ્ય રહીને લોકસેવા કરી છે. ત્યારે આ માનસિકતા ગુમાવી બેઠેલા ધારાસભ્યની નજરમાં સાંસદ અને અમો ધારાસભ્યોને નિષ્ફળ અને દિશાવહીન લાગી રહ્યા છીએ.

જોશમાંને જોશમાં તેમના કહેવા પ્રમાણે મહુવા રોડ પરની સંકુલમાં આંતકવાદી પ્રવૃત્તિ ચાલી રહી છે, તેમાં પણ ધારાસભ્યો અને સાંસદને આ સાથે જોડીને કટાક્ષ કરીને બેફામ નિવેદનો કરવામાં આવ્યા છે. ભાજપ સરકારમાં છેલ્લા ૨૭ વર્ષથી સરકારી સ્કુલો બંધ થઈ રહી છે, પરંતુ આવી પ્રાઈવેટ સંકુલો ચાલતી હોય ત્યારે બંધ થતી સરકારી સ્કુલોને પુનઃ કાર્યરત કરવાની જગ્યાએ તેમને આંતકવાદ સાથે જોડીને બેફામ નિવેદનો કરતા હાલનાં ધારાસભ્ય તેમની માનસિક સંતુલન ગુમાવી બેઠા હોય તેવું લાગી રહ્યું છે. જેથી આ ધારાસભ્યને આપની સરકાર મારફત સારી માનસિક હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવે તેવું સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે અને અંતમાં જણાવેલ છે કે, જયારે સ્વસ્થ થઈને ધારાસભ્ય સાવરકુંડલા પરત આવે ત્યારે આવી આંતકવાદી પ્રવૃત્તિ જયાં પણ ચાલતી હોય ત્યાં અમો સાથે આવીને આવી પ્રવૃત્તિ બંધ કરવા સહકારરૂપ થઈશું અને સાવરકુંડલામાં તમામ સમાજને સાથે રહી ભાઈચારા અને શાંતિ સુલેહથી રહે તેવા ભાજપ સરકાર દ્વારા પ્રત્યન કરવામાં આવે અને સાવરકુંડલાને સલામત અને ભાઈચારા, શાંતિ અને સુલેહથી રહે તેવી સરકાર પાસે અપેક્ષા સાથે પત્ર પાઠવીને લાગણી સાથે માંગણી વ્યકત કરી છે.

### લોહાણા મહાજન દ્વારા થયું આયોજન

# સુરેન્દ્રનગર ખાતે શ્રી રામકથામાં રઘુવંશી ક્રાંન્તિમંચનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં

## વ્યાસપીઠ પરથી ૧૦૮ શ્રી જાનકીદાસ બાપુએ કર્યુ સન્માન



અમરેલી, તા.૨૯

સુરેન્દ્રનગર લોહાણા મહાજન આયોજીત શ્રી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞનો તા.૨૨/૭/૨૦૨૩ થી તા.૩૦/૭/૨૦૨૩ સુધીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

વ્યાસપીઠ પરથી પ.પુ.વંદનીય સંતશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર, શ્રી જાનકીદાસનું ગુરૂશ્રી દ્વારકાદાસજી મહંત શ્રી ભાણતીર્થ કમીજલાના કંઠેથી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહયા છે. આ રામકથામાં આજે રઘુવંશીક્રાંન્તી મંચના પ્રમુખ ડો.ધર્મેશ ઠક્કર, વરીષ્ઠ ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયા, રઘુવંશી શ્રેષ્ઠી ચંદ્રેશભાઈ રવાણી, સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ અને રાજકોટ જિલ્લા ભાજપ મહિલા પ્રમુખ શ્રીમતી સોનલબેન વસાણી, ઉપપ્રમુખ મુન્નાભાઈ ઠક્કર, સાવરકુંડલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ, અમરેલી જિલ્લા ડીસ્ટીક ચેમ્બરના મંત્રી પ્રકાશભાઈ કારીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહી રામકથાનું રસપાન કર્યુ હતું.

આ તકે સુરેન્દ્રનગર લોહાણા મહાજન,અને લોહાણા યુવક મંડળ દ્વારા પુ.જાનકીદાસજી બાપુનાં વરદ હસ્તે શાલ અને મોમેન્ટો દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું ભાવથી સન્માન કરાયું હતું.

પ્રસંગ ઉચીત ડો.ધર્મેશ ઠક્કર, શ્રીમતી સોનલબેન વસાણી, ચંદ્રેશભાઈ રવાણી અને મહેશભાઈ નગદીયાએ ઉપસ્થિત જનમેદનીને ઉદબોધન કરેલ હતું. અંતમાં આવું સુંદર રામકથાનું આયોજન કરવા બદલ સુરેન્દ્રનગર લોહાણા મહાજનના વરિષ્ઠ પ્રમુખ પુનિતભાઈ ગોવાણીનું રઘુવંશી ક્રાંન્તીમંસના આગેવાનો દ્વારા ફુલહાર અને શાલથી અદકેરૂ માનભેર સન્માન કરવામા આવ્યું હતુ. ત્યારે ઉમટી પડેલા રઘુવંશીઓ તળીયોના ગડગડાટથી આ સન્માનને વધાવી લીધુ હતું. ઉપસ્થિત તમામ મહેમાનો સાથે જ્ઞાતીજનોએ ભાવતા ભોજન પ્રસાદ લીધા હતા.

# આજે ગવ્યવેદ દ્વારા 'ગૌ વિજ્ઞાન પરીક્ષા'નું આયોજન



અમરેલી, તા. ૨૯

ગાય ભારતની સંસ્કૃતિનો આધાર છે. ગાયનું પંચગવ્ય વિવિધ ઉપયોગમાં આવે છે. ગૌ આધારિત ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત પણ થઈ છે. એવા સમયે દરેક વિદ્યાર્થીને ગાયનાં મહત્વ વિષે જાણકારી મળેએ હેતુથી ગવ્યવેદ દ્વારા 'ગૌ વિજ્ઞાન પરીક્ષા' નું આયોજન કરવામાં આવ્યું છે. ગાયનાં દુધમાં સોનેરી તત્વો મળી આવે છે. જે રોગોની ક્ષમતા તાકાતનો નાશ કરી નાખે છે. ગાયની પુંછડીમાં હનુમાનજીનો વાસ હોય છે. કોઈપણ વ્યકિતને ખરાબ નજર લાગે તો ગાય માતાની પુછડી માંથે ફેરવવાથી ઝાડો નાખવાથી નજર ઉતરી જાય છે. ગાયનાં દુધ, ઘી, માખણ, દહી, છાણ, ગૌ મુત્રથી બનાવેલ પંચગવ્ય હજારો રોગોની દવા છે. આના સેવનથી અસાધારણ રોગ મટી જાય છે. ગાયનું મૂત્ર રોગમુકત બનાવે છે. ગાયનું આગવું મહત્વ સમજાવવાનાં હેતુથી તા.૩૦ જુલાઈ, રવિવારનાં રોજ સાંજે ૭ વાગ્યે www.gavyaveda.com વેબસાઈટ પર 'ગૌ વિજ્ઞાન પરીક્ષા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓનલાઈન પરીક્ષામાં સૌ વિદ્યાર્થીઓ કે ગાય સેવકોને ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે. પરીક્ષા આપવા માટે મો.૯૮૧૫૬ ૧૦૫૩૨ અથવા www.gavyaveda.com પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### લોકનેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાનું પૂણ્યતિથિએ

# વડિયા ખાતે પુર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડની ઉપસ્થિતિમાં રકતદાન કેમ્પ યોજાયો

## રક્દાતાઓએ ૧૧૫ બોટલ રકતનું દાન કર્યુ



વડિયા, તા.૨૯

ગુજરાતના રાજકારણમાં એક અલગ લડાયક લોકનેતા તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરીને લોકોના હૃદયમાં જગ્યા બનાવનાર એવા વિઠ્ઠલભાઈ રાદડીયાને આજે પણ લોકો યાદ કરે છે.

આ લડાયક લોકનેતાની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિવિધ સેવાકીય કાર્યક્રમ યોજાયા હતા. ત્યારે અમરેલી જીલ્લાના વડિયામાં પટેલ સમાજના યુવક મંડળ હરેશ ભગત રાદડિયા કલ્પેશ કાનાણી ખોડીદાસ રાદડિયા જતિન કાછડીયા રોહિત કાનાણી અને ધુધલીનાથ મહાદેવ મંદિર ગ્રૂપ દ્વારા મહા રક્તદાન કેમ્પ યોજી લોકસેવાના માધ્યમથી લોકનેતા ને શ્રદ્ધાજલિ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ સવારે વડિયાના સુરગપરામાં આવેલી પટેલ વાડીમાં વેદ વોલેન્ટરી બ્લડ બેંકના સહયોગથી લોકનેતા વિઠ્ઠલભાઈની તસ્વીરને ફુલહાર કરી પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડ, વિઠ્ઠભાઈ રાદડિયાના પુત્ર લલિતભાઈ રાદડિયા, સ્વામિનારાયણ મંદિરના સંતો, કંથળ નાથ મઢીના ભરતનાથ બાપુ, બિલેર મંદિરના વિભૂતિનાથ બાપુ અને સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો અને અમરેલી જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ રાંક તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયત દંડક તુષારભાઈ ગણાત્રા અમરેલી જિલ્લા યુવા કારોબારી સમિતીના તુષારભાઈ વેગડ વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા છગનભાઈ ઢોલરીયા અનિરૂદ્ધભાઈ બોરીચા થાણા ગાલોલ સરપંચ અશોકભાઈ ઉધાડ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના સરપંચ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા અને હાજરીમાં દીપ પ્રાગટય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સવાર થી જ યુવાઓ દ્વારા લોકનેતાને રક્તદાન રૂપી શ્રદ્ધાજલિ આપવા રક્તદાન માટે તમામ સમાજના યુવાનો અને લોકો એ જાગૃતતા દાખવી હતી અને કુલ ૧૧૫ બોટલ રક્તદાન કરી લોકે નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાને શ્રદ્ધાજલિ આપી હતી ત્યારે કાર્યક્રમનું આયોજન કરવા બદલ વિઠ્ઠલભાઈ રાદડિયાના પુત્ર લલિતભાઈ રાદડિયા દ્વારા આયોજકો અને રક્તદાન કરનાર તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે હિંદુ મુસ્લિમ વેપારીનું સ્નેહમિલન યોજાયું



બગસરા, તા.૨૯

બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ હિન્દુ મુસ્લિમ વેપારીઓનું સ્નેહમિલન વિજય ચોક મિલન હોટલ પાસે યોજાયો હતો જેમાં બગસરાના તમામ ક્રીમ લોકો હિન્દુ મુસ્લિમ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં સમગ્ર ગુજરાતમાં એકતાનું પ્રતિક એવા બગસરા ગામમાં દર વર્ષે હિન્દુ મુસ્લિમ સાથે મહોરમમાં તાજીયામાં સાત સહકાર આપી પોતાનો તહેવાર હોય તે રીતે ભાઈચારાથી આ મોહરમ નો તહેવાર મનાવવામાં આવે છે ત્યારે બગસરામાં વર્ષો પહેલા એક દાખલો એવો પણ બની ગયો હતો કે લોકો સાંભળીને ચકચકિત થઈ ગયા હતા બગસરામાં વર્ષો પહેલા સમગ્ર ગુજરાતમાં ગોધરા કાંડ થયેલ હતું ત્યારે તાજીયા માટે સમગ્ર ગુજરાતમાં બજારમાં નીકળવાની પરમિશન આપવામાં આવતી ન હતી ત્યારે બગસરામાં હિન્દુ મુસ્લિમ એક થઈને પોલીસ ખાતા પાસે પરમિશન લઈ અને સાથે મોહરમ પર્વનો તહેવાર મનાવ્યો હતો.

ત્યારે બગસરા આજે પણ બગસરામાં ભાઈચારોને એકતા છે વિજય ચોક ખાતે હિંદુ મુસ્લિમના વેપારી ભાઈઓ સાથે મળી ચા શરબતી પીને એકતા બતાવી હતી બગસરામાં નોરતામાં પણ માતાજીના નવે નવ દિવસ મુસ્લિમની દીકરીઓ ગરબીમાં રહી અને માતાજીના નવ દિવસ ગરબા ગાય એકતાનું ઉદાહરણ પૂરૂં પાડે છે આ તો કે બગસરાના પીઢ આગેવાન રશ્મિનભાઈ ડોડીયા ડો.કામળિયા ભરતભાઈ ભાલાળ ા ઈશાભાઈ ભારમલ અજગરભાઈ તુરાબભાઈ ભીખુભાઈ થોભાણી અનુભાઈ વિસાણી દિનેશભાઈ હડિયલ,રમેશભાઈ સુવાગીયા, સુરેશભાઈ પાઘડાલ, જનકભાઈ ચાવાળા, વિઠ્ઠલભાઈ હીરાણી ડીવાયએસપી ગોહિલ બગસરા પોલીસ સ્ટેશન પીઆઈ ગીડા પીએસઆઈ અસલાણી તમામ પોલીસ સ્ટાફ મુસ્લિમ સમાજમાંથી રજાકભાઈ કાળવાતર રહીમભાઈ આસ્થાના ગફારભાઈ બિલખીયા ફિરોજભાઈ ડો.કાળવતર છગનભાઈ હિરાણી જેન્તીભાઈ વેકરીયા મહેશભાઈ પરમાર નાયબ મામલતદાર ભીંડીભાઈ કાળ ભાઈ પાનસુરીયા પ્રકાશભાઈ રાણીંગા સહિતના મહાનુભવો સ્નેહમિલનમાં હાજરી આપી હતી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં જન્મદિન શુભેચ્છા યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૨૯

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પરંપરા મુજબ દર માસે જે વિદ્યાર્થીઓનો જન્મ દિવસ હોય તે માસનાં બધા વિદ્યાર્થી ભુવનમાં પરંપરા મુજબ દર માસે જે વિદ્યાર્થીઓનો જન્મ દિવસ હોય તે માસનાં બધા વિદ્યાર્થીઓને યજ્ઞમાં બેસાડી ગાયત્રીમંત્ર દ્વારા આહુતિઓ આપી દીપ યજ્ઞનું આયોજન થાય છે.

માસ જુલાઈ–૨૦૨૩નાં રોજ યજ્ઞનું આયોજન થયેલ. જેમાં સંસ્થાનાં કુલ ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દિપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન વઘાસિયાએ હાજર રહી જન્મદિનની શુભેચ્છાઓ આર્શીવચન આપ્યા હતા. જીવનભાઈ ઉચ્ચ ગુણવત્તા હાંસલ કરવા અને સંસ્કારોનું સિંચન કરવા માટે શાળાની ભૂમિકા મહત્વની હોય છે તે બાબતે સુંદર પ્રવચન આપેલ હતું. સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# લીલીયા મોટા ખાતે કોમી એકતાથી મોહરમ પર્વની ઉજવણી કરાઈ



લીલીયા મોટા, તા.૨૯

લીલીયા મોટા ખાતે હઝરત ઈમામે હુસૈનની શહાદતમાં મુસ્લિમો દ્વારા મહોરમનું માતમ માનવતા હોય છે. મહોરમનાં દસ દિવસ મિજલિશ બાદ રાત્રીનાં યા હુસૈન યા હુસૈનના નાદ સાથે મુસ્લિમો ઢોલ નગારા અને શરણાઈના સુરે ચોકારો રમતા હોય છે. દેશભરમાં મહોરમમાં મુસ્લિમો ઠેર–ઠેર મીજલીસ અને આજે લીલીયા તેમજ જિલ્લાભરમાં કલાત્મક જેમાં સુન્ની મુસ્લિમ જમાત અને તખત ગ્રૃપ દ્વારા બનાવવામાં આવેલ તાજિયા મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હોયને લીલીયા તેમજ અમરેલી જિલ્લામાં મહોરમની નો તહેવાર કોમી એકતાની ભાવનાથી ઉજવાતો હોય ને તાજિયામાં માનતાઓ ચડાવવા મુસ્લિમો સાથે હિન્દુ સમુદાયના શ્રધ્ધાળુઓ પણ આવતા હોય ત્યારે આજે તાજિયા માતમ શરૂ થયું હોય અને ઢોલના તાલે મુસ્લિમો હઝરત ઈમામે હુસૈનની યાદમાં ચોકારો અને હુલ લઈને આ પર્વની ઉજવણી કરતા હોય છે. સ્થાનિક પી.એસ.આઈ. એસ.આર.ગોહિલ તેમજ સમગ્ર પોલીસ તંત્રનાં સુંદર સહયોગ વડે મહોરમ પર્વની ઉજવણી કોમી એકતા સાથે કરવામાં આવેલ તેમજ તાજિયા કરબલા (કબ્રસ્તાન) ખાતે ઠંડા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલામાં પુરુષોત્તમ માસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાયા



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલામાં આડી શેરી, ખોડિયાર વાળા નાકામાં આજે પુરુષોત્તમ માસમાં એકાદશી પર્વ નિમિત્તે શ્રી પુરુષોત્તમ ભગવાન અને ગોરમાની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

જેમાં મહિલાઓ દ્વારા આંબૂડું જાંબુડું, સત્સંગ અને વનભોજન સહિતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને ઉત્સાહપૂર્વક મહિલાઓ દ્વારા પૂજા અર્ચના કરવામાં આવે છે અને પુરૂષોત્તમ માસનું ફળ અને સૌ પ્રથમ ભકિતની જો વાત કરીએ તો પુરૂષોત્તમ ભગવાન એટલે ભગવાન વિષ્ણુનું સ્વરૂપ અને વિષ્ણુભગવાન સ્વરૂપની પૂજા એટલે કે તુલસસીપત્રની પૂજા કરવામાં આવે તો બધાનાં દુઃખ અને દરિદ્રતાનો નાશ થાય છે. બધાના પરિવારની અંદર આખા વિશ્વની અંદર જગતની અંદર બધાનું કલ્યાણ થાય એવા હેતુથી આ પુરૂષોત્તમ માસની અંદર ભગવાન વિષ્ણુની અને ગોરમાની પૂજા અર્ચના કરવામાં આવે છે. તેમ પૂજા કરાવતા ગોર હાર્દિકભાઈ નવીનચંદ્રભાઈ ખીરાએ જણાવ્યું તથા પુરૂષોત્તમ માસ વિશેની માહિતી આપી હતી. એમ યોગેશભાઈ ઉનડકટની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### પ્રમુખ હરજીભાઈ નારોલાનાં અધ્યક્ષ સ્થાને

# દામનગર સેવા સહકારી મંડળીની ૭૨મી વાર્ષિક સાધારણસભા મળી

## રૂપિયા 33 લાખનો નફો : ૧૦ ટકા ડિવિડન્ડ જાહેર

દામનગર, તા.૨૯

દામનગર સેવા સહકારી મંડળી લી.ની ૭૨મી વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ હરજીભાઈ નારોલાનાં અધ્યક્ષ સ્થાને મળી હતી.

વિશાળ સંખ્યામાં સભાસદોની ઉપસ્થિતિમાં વર્ષ – ૨૦૨૨–૨૩ ના હિસાબો રજુ કરતા હરજીભાઈ નારોલાએ જણાવ્યું હતું. કે મંડળીએ ગત વર્ષ દરમ્યાન રૂા.૩૩.૦૦ તેત્રીસ લાખનો ચોખ્ખો નફો કરેલ છે.

સભાસદોને ૧૦% ડીવીડન્ડ જાહેર કરવામાં આવેલ છે. ૬૪૨ સભાસદો ધરાવતી મંડળીનું કે.સી.સી.ધિરાણ ૧૦.૫૫ કરોડ તથા મ.મુ.ધિરાણ ૨.૬૭ કરોડ થઈ કુલ ધિરાણ ૧૩.૨૨ કરોડ થયુ છે.મંડળીને ઓડીટ વર્ગ "અ" મળેલ છે.

મંડળીનું એન.પી.એ.૦ શૂન્ય છે. વર્ષ દરમ્યાન ૯૯.૬૦% વસુલાત કરી ઉત્કૃસ્ટ કામગીરી કરી છે.

વાર્ષિક સાધારણ સભામાં સભાસદનું કુદરતી કે અકુદરતી રીતે અવસાન થાય તો મંડળી તરફથી રૂા.૧૦,૦૦૦ દસ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. આયોજિત આકસ્મિક વીમા યોજનામાં સભાસદનું વિમા પ્રીમીયમ મંડળી તરફથી ભરવામાં આવે છે.

અત્રે યાદ રહે કે ગુજરાત રાજય સહકારી સંઘ લી. અમદાવાદ આયોજિત વર્ષ ૨૦૨૧–૨૨ માં પરિણામ લક્ષી ઉતમ કામગીરી કરનાર સેવા સહકારી મંડળીઓની શિલ્ડ હરીફાઈમાં સમગ્ર અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ મંડળી તરીકેનું પ્રથમ સ્થાન દામનગર સેવા સહકારી મંડળી લી.એ પ્રાપ્ત કરેલ છે.

મંડળીએ વર્ષ ૨૦૦૮–૦૯ માં પણ આજ રીતે પ્રથમ સ્થાન મેળવેલ હતું. આમ બન્ને વખત દામનગર મંડળીને આ બહુમાન પ્રાપ્ત થયેલ છે.

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના દામનગર શાખા મેનેજર ભરતભાઈ પાડા, સુપરવાઈઝર અમિતભાઈ નવાપરા, તથા સંદીપભાઈ માંગરોળીયા, હાજર રહયા હતા. મંડળીની વ્ય.કમિટીમાં હરજીભાઈ નારોલા, રણછોડભાઈ બોખા, લાલજીભાઈ નારોલા, અરજણભાઈ નારોલા, ભીમજીભાઈ વાવડીયા, પ્રિતેશભાઈ નારોલા, કરમશીભાઈ કાસોદરીયા, પ્રકાશભાઈ આસોદરિયા, લાભુભાઈ નારોલા, ભીમજીભાઈ નારોલા, મનસુખભાઈ બોખા, મોહનભાઈ બુધેલીયા, વલ્લભભાઈ નારોલા વિગેરે કાર્યરત રહી મંડળીની પ્રગતિમાં યોગદાન આપી રહયા છે. મંડળીનાં પ્રમુખ તરીકે ૧૯૯૫ થી સતત ૨૯ મી વખત હરજીભાઈ નારોલની સર્વાનુમતે વરણી થવા પામી છે. સભાનાં અંતે મંડળીનાં મંત્રી અનિલભાઈ જાગાણીએ આભાર વિધી કરી હતી.

### કાલાવડ મંડળનાં મહંત તેમજ

# સરંભડા પ્રાથમિક શાળાનાં પૂર્વ આચાર્ય ગંગારામબાપુ હરિયાણીનું દેવલોકગમન

## પાલખીયાત્રામાં સેવકો, ગ્રામજનો જોડાયા



અમરેલી, તા. ૨૯

સરંભડા પ્રાથમિક શાળાનાં પૂર્વ આચાર્ય અને કાલાવડ(વિસાવદર) વૈષ્ણવ સાધુ સમાજના મહંત ગંગારામબાપુ હરિયાણી ૯૮ વર્ષની વયે દેવલોક પામતા ગામમાં શોકનું મોજું ફરી ગયું હતું. તેઓ આજીવન શિક્ષક અને મુક લોકસેવક હતા. બોરડી, બાબાપુર, સરંભડા સહિત અનેક ગામોમાં તેઓએ એક કર્મયોગી શિક્ષક તરીકે નિષ્ઠાથી ફરજ બજાવી હતી. બાબાપુર સર્વોદય સંસ્થા જોડે તેઓ આજીવન જોડાયેલા હતા. સર્વોદયના સંસ્કારોને વરેલા તેઓએ લોકોમાં સત્ય, પ્રેમ, કરૂણાના પાઠ ભણાવીને સમાજ એક મજબુત સમાજ બનાવવાનું આજીવન કાર્ય કર્યુ હતું. હજુ થોડા દિવસ પૂર્વેજ પૂ. મોરારીબાપુ તેમની ખબર અંતર પૂછવા આવ્યાં હતાં. પૂ. મોરારીબાપુનાં તેઓ નજીકના સહયોગી હતાં. માનવ મંદિરનાં પૂ. ભકિતરામ બાપુ સહિત અનેક સંતો તેમના ખબર અંતર પૂછવા આવ્યા હતાં. આજીવન સ્વસ્થ રહીને તેઓ આજે અચાનક દેવલોક પામતા ગામમાં તથા વૈષ્ણવ સાધુ સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેમની પાલખી યાત્રામાં હરિદાસ બાપુ હરિયાણી (કાલસારી), મગનબાપુ દુદરેજીયા (રાવણી), મથુરદાસ બાપુ (હાથીજણ), પ્રવિણ બાપુ ગોંડલિયા, રૂજુલભાઈ ગોંડલિયા, અશ્વિનભાઈ દુધરેજીયા (વિસાવદર), પ્રેમદાસભાઈ ગોંડલિયા (દેવગામ), મોટાભાઈ સંવટ, કસુભાઈ ધાખડા, મધુભાઈ હરખાણી, રાજુભાઈ કાછડીયા, લખુભાઈ માંજરીયા, ભીખુભાઈ દુધાત, ભીમજીભાઈ કાનપરીયા, બહાદુરભાઈ વાળા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.




## સાવરકુંડલાનાં મહુવા માર્ગ પરનાં શૈક્ષણિક સંકુલ વિરૂધ્ધ જાણકારી વિરૂધ્ધ અપાયેલ

# સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલાનાં વિવાદાસ્પદ નિવેદનથી ચકચાર

### થોડા દિવસો પહેલા સુરત ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ધારાસભ્યએ વિવાદાસ્પદ નિવેદન આપેલ

### ધારાસભ્યનું નિવેદન સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં બાદ ધારાસભ્ય બચાવમાં આવ્યા

### ધારાસભ્ય નિવેદન આપતા પહેલા એ ભૂલ્યા કે છેલ્લા ૨૭ વર્ષથી રાજયમાં ભાજપની સરકાર છે

### જો કે ધારાસભ્યને પોતાને સંકુલનાં સંચાલક અંગે કોઈ જાણકારી ન હતી તેવો બચાવ પણ કરવો પડયો

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૯

આપણાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાનને બદલે પ્રધાન સેવક તરીકે ઓળખાવાનું વધુ પસંદ કરે છે. જયારથી દિલ્હીની ગાદી ઉપર સત્તા રૂઢ થયા છે. ત્યારથી જે કોઈપણ કેન્દ્રીય યોજનાઓ વિશાળ લોકસમુદાયને ધ્યાનમાં રાખીને જ અમલમાં મૂકી છે તેમાં કયાંય કોઈ એક



જ્ઞાતિ કે એક ધર્મ કે એક સમુદાય કે એક સંપ્રદાયને તેનો લાભ થાય તેવું એક પણ ઉદાહરણ ગોત્યું જડતું નથી ઉદાહરણ તરીકે ઘર ઘર શૌચાલય યોજના એ તમામ ભારતીય માટે છે. ફકત હિન્દુ કે ફકત મુસ્લિમ કે ફકત શીખ કે ફકત ઈસાઈ માટે નથી. ગ્રામ્ય સડક યોજના, ગોલ્ડન કોરીડોર એકસપ્રેસ હાઈવે, આરોગ્યને લગતી તમામ યોજનાઓ ગેસ સિલિન્ડર, ડાયરેકટ કિસાનનાં ખાતામાં રકમ આપવી, આવી તો અગણિત યોજનાઓ છે જે ભારત દેશના તમામ નાગરિકને કોઈપણ ભેદભાવ વગર તેનો લાભ મળે છે અને કરોડો લોકો લાભ ઉઠાવી શકયા છે. હવે આ દિવસ રાતની મહેનત ઉપર સંકુચિત માનસ ધરાવતા માણસો જયારે સત્તા ઉપર બેસી જાય ત્યારે શીર્ષ નેતૃત્વને પણ જવાબ આપવા અઘરા થઈ પડે છે. આવો જ તાજેતરમાં બનાવ એક બહાર આવ્યો છે જે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તમામે તમામને આંચકો આપે એવો છે. સમગ્ર ઘટનાક્રમ એવો છે કે સુરત શહેરમાં કોસમાડા વિસ્તારમાં વતનનું જતન નામનો એક કાર્યક્રમ સમસ્ત સાવરકુંડલા, લીલીયા તાલુકા પરિવાર દ્વારા યોજવામાં આવ્યો હતો.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલાનાં ધારાસભ્યએ માનસિક સંતુલન ગુમાવી દીધાનો પૂર્વ ધારાસભ્યનો આક્ષેપ

### છેલ્લા ૧૪ વર્ષથી ભાજપનાં સાંસદ હોય તેઓ એ પણ ભૂલી ગયા

સાવરકુંડલા, તા. ૨૯

તાજેતરમાં સુરત ખાતે વતનનું જતનના એક કાર્યક્રમમાં સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય માનસિક સંતુલન ગુમાવી બેઠા હતા. જેઓ દ્વારા વતનનું જતનના જાહેર ફંકશનમાં તેઓ દ્વારા ભાષણબાજી કરતા કરતા તેઓ પોતાની માનસિક સંતુલન ગુમાવી જતા સાવરકુંડલાની જનતાએ જે ખોબલે ખોબલે મત આપ્યા હતા તેમની હરખમાંને હરખમાં ખેડૂતો અને



આમ જનતાના પ્રશ્નોને એક બાજુ મુકીને સાવરકુંડલા માથે જાણે આંતકવાદ સવાર થઈને બેઠો હોય તેમ છેલ્લા ૨૦ વર્ષમાં ભાજપનાં ચૂંટાયેલા હાલના સાંસદ અને ધારાસભ્યોને દિશાવહિન અને નિષ્ફળ ગણાવ્યા છે. ભાજપ સરકાર ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી સરકારમાં શાસન કરી રહી છે, તેમાં ૨૦ વર્ષની અંદર ૧૫ વર્ષ સાંસદ તરીકે નારણભાઈ કાછડિયા તેમજ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલી એલસીબીએ બાઈક ચોરી કરનાર શખ્સને ઝડપી લીધો



અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમિયાન એલ.સી.બી, ટીમના હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયાનાઓની બાતમી હકિકત આધારે ધારી, પ્રેમપરામાં માલસીકા ગામ જવાના રસ્તે, ચેકડેમની પડતર જગ્યાએથી મેહુલ રાજેશભાઈ દાફડા, રહે. પ્રેમપરા, ધારી, હાલ રહે. વાજડી, (તા. લોધીકા, જિ. રાજકોટ) નામના ઈસમને ચોરીના ૧૦ મોટર સાયકલો સાથે પકડી પાડી, અમરેલી, રાજકોટ સહિત કુલ ૧૩ મોટર સાયકલ ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે.

## દ્વારકાધીશજી હવેલીમાં હિંડોળાનાં આકર્ષક દર્શન



અમરેલી ખાતે આવેલ શ્રી દ્વારકાધીશજી હવેલીમાં શ્રી ગિરિરાજજી મંદિરમાં પવિત્ર પરશોતમ માસ નિમિત્તે સુકા મેવાનાં હિંડોળાની સુંદર ઝાંખી રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધો હતો.

### ધારી નજીક આવેલ

# પાણીયાદેવ ગામે રહેતી પરિણીતાએ પતિ તેડવા ન આવતા ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

### છેલ્લા ચારેક માસથી તેણી પિયરમાં રહેતી હતી

અમરેલી, તા. ૨૯

જુનાગઢ જિલ્લાનાં વિસાવદર તાલુકાનાં સરસઈ ગામનાં વતની અને છેલ્લા ૪ માસથી પોતાનાં પિયરમાં ધારી તાલુકાનાં પાણીયાદેવ ખાતે રહેતા જયાબેન કિરીટભાઈ વાઘેલા નામના ૩૦ વર્ષિય પરિણીતાનાં પતિ દારૂ પીવાની ટેવવાળા હોય અને તે દારૂ પીવાનું મુકે ત્યારે સાસરે આવીશ તેવી હઠ લઈ આવતા રહેલ. પરંતુ તેણીના પતિ તેડવા ન આવતા ટેન્શનમાં આવી જઈ તેણીએ તા. ૨૮નાં રોજ પોતાના ઘરે રસોડામાં દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયું હતું.

### તરૂણીનાં પિતાએ નોંધાવી ફરિયાદ

# સાવરકુંડલાની ૧૫ વર્ષની તરૂણીનું કોઈ અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા ગામે રહેતી એક ૧૪ વર્ષ ૯ માસની ઉંમર ધરાવતી તરૂણીને ગત તા. ૨૭નાં રોજ કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી ગયાની ફરિયાદ સાવરકુંડલા ટાઉન પોલીસમાં તરૂણીનાં પિતાએ નોંધાવતા પોલીસે તરૂણીની શોધખોળ આદરી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)